
વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક ₹ 40

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

જૂન, 2013



**દીકરો આનંદ આપે પણ દીકરી માટે આનંદ ન્યોછાવર કરી દેવાનું મન થાયઃ સિતાંશુ યશશ્ચન્દ્ર**





**કંઠમાં પ્રગટતું... ભાવમાં પરખાતું... દિલમાં પથરાતું...સ્વરસેતુ પ્રસ્તુત**


**અવાજનું અજવાળું**


## જેમની આંગળી પકડીને જાણી જીવનની દિશા...















બાળક એ

અમૂલ્ય ભેટ છે તમારા જીવનની.

દીકરો હોય કે દીકરી,

ખુશીથી અપનાવો. બેટી વધાવો.

 આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય. બેટી વધાવો

# સંપાદકનું સારેગમ

## સ્વપ્નને સાકાર કરવાનો સંઘર્ષ

'સ્વરસેતુ' સામયિકના આરંભ પૂર્વે અને એના સ્વરૂપ વિશે વિચાર કર્યો ત્યારે અમારી નજર સામે એક વાત સ્પષ્ટ હતી કે, આપણી ભાષામાં લલિતકલા પ્રવૃત્તિઓ સંદર્ભે કોઈ બહુરંગ સામયિક નથી. 'સ્વરસેતુ' પ્રકારના સામયિકની પ્રકાશનની ગુણવત્તા બાબતે કાગળ, છાપકામ, તસવીર વગેરેનું મહત્ત્વ પણ ઓછું નથી અને એનું સ્તર જાળવવા માટે થતા ખર્ચનું પ્રમાણ પણ સામાન્ય કરતાં વધારે જ રહેવાનું. પરંતુ, અમારી કલ્પનાના સામયિકનું રૂપ આ પ્રકારનું હતું એટલે અમે એ માર્ગે જ કદમ માંડ્યા.

'સ્વરસેતુ' એ કલાકારો દ્વારા ચાલતું સામયિક છે. ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રની અમારી ત્રણ દાયકાની સફરનો આ પરિપાક છે. આ ગાળામાં અમે ઘણો સંઘર્ષ વેઠ્યો છે. સામા વ્હેણનો સામનો અમારી સર્જકતાના બળે કર્યો છે. જનસંપર્કના કપરાં ચઢાણ માટેય અમે ખૂબ દોડ્યા છીએ. કલાસાધના, રજૂઆત, પ્રચાર અને વહીવટના બહુવિધ અશ્વ પર સવારી કરવાનું આ કામ સહેલું નથી જ.

અમને આ કામ કરવાનું કોઈએ કહ્યું પણ નહોતું જ. આ કામ અમે અમારી જવાબદારી અને આવતીકાલની જરૂરિયાતને ઓળખીને હાથમાં લીધું છે. આ અમારું જ સ્વપ્ન છે અને અમે એને સાકાર કરવા મથી રહ્યા છીએ, આપના સહયોગથી આપનાં લવાજમ અને જાહેરખબરની અમને જરૂર છે જ, પણ આપના પ્રોત્સાહક વચનોનીય એટલી જ આવશ્યકતા છે. આપના સૂચન પણ આવકાર્ય છે.

'સ્વરસેતુ' સામયિકનું સ્વરૂપ આપને કેવું લાગે છે? આ સામયિકની વાચનસામગ્રીમાં વિષય સ્વરૂપે લલિતકલાઓ ઉપરાંતના સાધારણ વાચનવિષયોને પણ ઉમેરવા? એમ સમાધાન કરતું લાગશે? આ સામયિક કેવળ તજજ્ઞો કે રસજ્ઞોનું જ બની રહેતા, જનસાધારણને આકર્ષી શકે? ખર્ચને પહોંચી વળવા લક્ષ્ય બાબતે સમાધાન કરવું ઠીક રહે? તો એના અન્ય ઉપાયો શું હોઈ શકે?

આ એક વાસ્તવિક સમસ્યા છે.

અમને અધિક સહયોગની આવશ્યકતા છે.

જાહેરખબરની ય જરૂરિયાત છે.

વિવિધ ઉપાયો અને ઉદ્યોગગૃહો અને વેપારીઓ એ માટે ઉદારતાથી આગળ આવે તો એ જરૂર શક્ય બને. 'સ્વરસેતુ'માં છપાતી જાહેરખબર વેચાણને બેવડાવી ન શકે, પણ સંસ્કાર જગતને જરૂર સમૃદ્ધ કરી શકે. આ વાત ધ્યાનમાં લઈને ય જરૂર કૈંક થઈ શકે.

**- સૌમિલ મુનશી**




વર્ષઃ૨ / અંકઃ ૧૨/ જૂન-૧૩

તંત્રી અને સંપાદકઃ સૌમિલ મુનશી

પ્રકાશકઃ સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શકઃ તુષાર શુક્લ

ડિઝાઈન કનસેપ્ટસઃ
ઝીબ્રા આઈડીયાલેબ

તસવીર પરામર્શકઃ વિવેક દેસાઈ

વ્યવસ્થાઃ હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવઃ
જિગીષા જાની

સહાયઃ ગોપાલ પઢિયાર

કાર્યાલયઃ સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદાવાદ-૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ - ૩૫

ઈ-મેઈલઃ
તંત્રીઃ saumilmunshi60@yahoo.co.in
પ્રકાશકઃ swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્યઃ ₹ ૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાંઃ ₹ ૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાંઃ અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )


(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

( નોંધ : લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.)

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor -** SAUMIL PARESH MUNSHI.

## આપનું સ્તુત્ય-કાર્ય ગુજરાતી ભાષા માટે એક ગૌરવ ઘટના છે...!

પુસ્તક પરબ પ્રેરણા, પ્રતાપભાઈ પંડ્યાના સૌજન્ય થકી 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'નો કર્ણમંજુલ
ગુંજારવ માણ્યો...!!
એક અનોખા સાહસને બિરદાવવું જ પડે, એવું સ્તુત્ય-સત્કાર્ય આપશ્રી દ્વારા થઈ રહ્યું છે, તે
ગુજરાત અને ગુજરાતી ભાષા માટે એક ગૌરવ ઘટના છે..!
વિષયવૈવિધ્ય અને છાપકામ તથા ઉત્કૃષ્ટ દેખાવ આ બધું, આપના સાહસને સફળતા
અપાવનાર પરિબળો છે.! આપના આ અપ્રતિમ સાહસને બિરદાવી અને તેની ભવ્યાતિભવ્ય સિદ્ધિ માટે
પ્રભુ પ્રાર્થના સાથે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું...

**- ત્રંબક જોષી, વડોદરા**

## ...અને બધા જ અંકો વાંચવાની તાલાવેલી થઈ

આપનું ગુજરાતી ગીત, સુગમસંગીત ક્ષેત્રનું યોગદાન ખરેખર અભિનંદનને પાત્ર છે. પરંતુ મારે ફક્ત એક
અભિનંદનની લાઈન લખવી નથી. આપ હંમેશા ઉત્તરોત્તર પ્રગતિનાં શિખરો સર કરો, કલારસિકોને
આપની કલાનું રસપાન કરાવતા રહો તેવી શુભેચ્છા.
વિશેષમાં 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'નો એપ્રિલ-૨૦૧૩નો અંક મેં બહારથી ખરીદ્યો હતો.
પણ એક અંક વાંચતા જ બધા અંકો વાંચવાની તાલાવેલી થાય તેવા રસપ્રદ છે.

**- અશોકભાઈ ઠક્કર, સુરેન્દ્રનગર**

## 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'નો અંક મેળવી ધન્ય થઈ ગયો.

શબ્દની ધરખમ ભોંય પર રંગોળીની ભાત ઉપસી ન ઊપસીને અચાનક જ મધુર સંગીતના સૂર
ઉમેરાયા, તેનો આનંદ ચિત્તમાં ઠરે ત્યાં તો ક્યાંકથી નૃત્યનો ઝંકાર ઊઠ્યો, શબ્દસૃષ્ટિમાં પરિવર્તન
કરતી અનેરી કલાસૂઝ માટે આપને ધન્યવાદ. આ ડાયજેસ્ટ પોતાની આગવી પ્રતિભા-સૂઝને લઈને
ચાલ્યું છે. લાંબા સમય સુધી ગુજરાતી ભાષાને સમર્પિત રળિયાત કરશે.

**- વસંત પરીખ, અમરેલી**

## પારિવારિક મનોરંજન સાથે ઑડિયન્સ પણ અંતકડીમય બન્યું

સ્વરસેતુ ફેમિલી
નમસ્તે!
કમાલ કરે છે, કમાલ કહે છે,
આ રઈશ-શ્યામલની જોડી તો કમાલ કરે છે.

શ્યામલ અંકલ, તમે તો કમાલ છો... (કમલહસનની જેમ એક સાથે કેટલા બધા રોલ કરી શકો છો) જે મસ્તીથી ગાઓ છો, લખો છો એ જ મસ્તીથી મસ્તી પણ કરો છો. એન્કરિંગ પણ કરો છો અને મિમિક્રી કરી હસાવો પણ છો. તમે બહુ મસ્ત છો. તમને જોવા, સાંભળવાની મજા આવે છે. તમારો પ્રકાશ જાડેજા-તોરલ, લલિતા-લિપસ્ટીક, તમારો કવિઓને પત્ર, રંગોની અંતકડી, લાલ લાલ લાલ પરથી બનાવેલો ગીતોનો પ્રસંગ (ટાલ, ભાલ, કાલ...વાળો) તમારા સ્કૂલલાઈફના બધા જ ટુચકા અને તે કહેવાની તમારી સ્ટાઈલ મસ્ત હતી.

રઈશ અંકલની 'ધોતી રે ધોતી' એ અમારા પરીક્ષાના ટેન્શનને ધોઈ નાખ્યું. તેમનું લાલ-બાલ-ફાલ-ગાલ અને 'એનીમાને' જેવા સૂરતી ટોનવાળા જૉક્સ તો અકલ્પનીય હતા. was also awesome બધા જ કલાકારો બહુ જ નેચરલ હતા. તેથી 'ટહુકા ટેરેસ'ના કાર્યક્રમ હળવોફૂલ, તાજગીસભર, પોતાનો લાગે એવો હતો. પારિવારિક મનોરંજન સાથે ઑડિયન્સ પણ અંતકડીમય બન્યું હતું.

**હિત શેઠ (ધો-૧૨), ક્રિષ્ના શેઠ (ધો-૭), અમદાવાદ**

## દર વખતે 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ની આતુરતાપૂર્વક રાહ જોઉં છું

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' નિયમિત મળે છે. પહેલો અંક જ્યારે હાથમાં આવ્યો ત્યારે એનું આકર્ષણ ખૂબ થયેલું અને મેં તરત જ લવાજમ ભરાવી દીધું. એના પ્રકાશન સાથે મારા સંબંધ સરસ સંકળાઈ ગયા. દર વખતે એની રાહ જોઉં છું. ફોટોગ્રાફ ખૂબ સરસ આવે છે અને એની રજૂઆત પણ સરસ હોય છે. તાજેતરમાં 'હૃદયસ્થ અવિનાશ વ્યાસ ઍવોર્ડ' મળવા બદલ જનાર્દન-હર્ષદા રાવલને સ્નેહપૂર્વકના અભિનંદન.

**વસુબહેન ભટ્ટ, અમદાવાદ**

## સંગીતનો અલૌકિક અનુભવ કરાવી સંગીતપ્રેમીઓને ખૂબ રાજી કર્યા

પરમ સ્નેહી શ્યામલ-સૌમિલ મુનશી અને 'સ્વરસેતુ'ની સમસ્ત ટીમને અભિનંદન.


'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ના અંકો ભાવનગર રૂબરૂ મુલાકાતમાં મને મળ્યા હતા. ઉપરાંત 'વારસો' સેટ પણ મેં પ્રેમથી લીધો હતો. છેલ્લા એક મહિનામાં... ખૂબ લાગણીસભર બની અંકો વાંચી ગયો. સંગીતની અદ્ભુત મજા માણી અને અમારા પરિવારને ભારતમાં તથા યુ.એસ.એ.માં ઝલક બતાવી. સૌ સાહિત્ય-સંગીતના પ્રેમીઓ ખૂબ રાજી થયા છે. આવો અલભ્ય લહાવો આપનારા આપ સૌને અમારા અંતરના આશીર્વાદ અને અભિનંદન આપતા ગૌરવની લાગણી અનુભવું છું. મારા લગતી સાહિત્યલક્ષી સેવા ફરમાવતા રહેશો.

**ડૉ. પ્રતાપ પંડ્યા, વડોદરા**

જન્મભૂમિ

# સંગીત-કલા અને પ્રવાસનનો સેતુ : સ્વરસેતુ

**સ્વ**રસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ મે, ૨૦૧૩, તંત્રી - સૌમિલ મુનશી, કિંમત રૂા. ૪૦. વેકેશનનો સમય છે એટલે સંગીત-કલા ઉપરાંત પ્રવાસનને લગતી માહિતી-પ્રવાસ અને તસવીરો પ્રગટ કરવામાં આવી





છે. ચિરંતન પ્રવાસીમાં રાજેશ વ્યાસ 'મિસ્કીન'એ સરસ કહ્યું છે. કોઈ ભૌગોલિક ભાગલા મને નડ્યા નથી. મેં બધા દેશને એકસરખા ચાહ્યાં છે.

કોઈ ગુજરાતી પ્રવાસ કરે ત્યારે ગુજરાતી માણસની શોધ કરે છે અને ગુજરાતી હંમેશાં પોતાને 'કોલંબસ' માને છે. વિવેક દેસાઈના 'ગુજરાતી અને પ્રવાસ' લેખમાં કલ્પનામાં નાવિન્ય અને તાજગી વર્તાય છે. 'વેકેશન અને બાળકો'માં રઈશ મનીઆરે કહ્યું છે. બાળકના મનમાં પૈસા, મોંઘું, સસ્તું એવો ખ્યાલ માતાપિતા રોપે છે. બાળકના જીવનનો એકમાત્ર માપદંડ 'મજા' હોય છે. તો યશવંત મહેતાએ બાળકને પુસ્તકપ્રેમી કેમ બનાવવો એ બાબત વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવી છે, તો ટીકુ તલસાણીયા કહે છે 'મને એકલાને ટાપુ પર રહેવાનું હોય તો મને સંગીત અને પુસ્તક આપી દો' અને અપ્રચલિત રાગ 'કલાવર્ધિની' વિશે સંગીત રસિયાએ જાણવું હોય તો આ અંક એક વખત વાંચી જવા જેવો ખરો.

(દૈનિક અખબાર જન્મભૂમિ પ્રવાસીના ૧૯મે ના અંકમાં છપાયેલો 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' વિશેનો રિવ્યૂ)

# પિત્રોત્સવ...

ફાધર્સ ડે: ૧૬ જૂન



પિતા આકાશ હોય છે અને તપતા સૂરજને પોતાની પીઠ પર ઝીલી આપણને છાંયો આપે છે. વરસાદમાં છત્રી અને ગરમીમાં ઠંડી હવાની લહેરખી બની આપણને સુરક્ષિત રાખે છે. એમનું ચાલે તો પોતાનાં બાળકો માટે લાકડાંનો ઘોડો, સર્કસનો જોકર એટલે સુધી કે રંગબેરંગી ફુગ્ગો થઈ જવામાં પણ એમને સંકોચ નથી થતો. જો કે પોતાના આનંદની કોઈ પણ ક્ષણ હોય ત્યારે તેઓ આછા સ્મિતથી વધારે કોઈ પ્રતિભાવ નથી દર્શાવતા. આવી પળોમાં પિતા તરીકે એમનું વ્યક્તિત્વ ખરેખર અદૃશ્ય થઈ જાય છે. ખરી રીતે પિતા શેષનાગ જેવા હોય છે. એમણે આ પરિવાર રૂપી પૃથ્વીને પોતાના માથે હાલકડોલક થયા વગર, થાક્યા વગર અને સતત સંતુલન જાળવી ઊંચકી રાખવાની હોય છે થાકીને જરા અમથું પણ માથું હલાવી દે તો તરત જ આખા પરિવારમાં હાહાકાર મચી જાય છે. ત્યારે ધ્રૂજી ઉઠેલા કુટુંબને જોઈ પોતાના થાકની વાત કોઈને પણ કહ્યાં વગર, ફરીથી ક્યારેય પાછા ન થાકવાનો નિર્ણય કરી, પોતાનાં કામમાં તેઓ વધુ એક વાર મગ્ન થઈ જાય છે. 'મા તે મા'એ વાત સાચી, પણ બાકી બધા વગડાના વા એ વાત ખોટી. પિતાનો મહિમા ઓછો નથી, પરંતુ ઘરમાં મોટા ભાગે પિતા પડદા પાછળનું પાત્ર બની રહે છે, આવા આ પાત્ર પરથી પડદો ઊંચકીને કેટલાક સજ્જ સંવેદનશીલ કલાકારો અહીં ઊજવે છે પિત્રોત્સવ...

(આલેખનઃ દેવજ્ઞા જોષી, જિગીષા જાની)

# સ્વભાવ ક્યારેક અભાવ પેદા કરે પણ ભાવ હંમેશાં સદ્ભાવમાં જ પરિણમે...

'મારા પિતા આત્મસંતોષી હતા અને મને હંમેશાં કહેતા કે કલાકાર તરીકે તું તારી ફરજ નિષ્ઠાપૂર્વક બજાવીશ તો શ્રોતા પણ એનો પ્રતિસાદ આપશે, પણ રખે જો તું શ્રોતા-પ્રેક્ષકને ખુશ કરવાના આશયથી કોઈ પણ કર્મ કરશે તો તે લાંબું નહીં ટકે, અને કદાચ શ્રોતા વિમુખ પણ થઈ જાય.'

- ઉદય મઝુમદાર



પિતા (નિનુ મઝુમદાર) કહેતા કે, સ્વરાંકનમાં ગીતના શબ્દોનો ભાવ આવવો જોઈએ, નહીં કે સ્વભાવ.

**ના**નપણથી મારા પિતાએ ક્યારેય કોઈ પણ પ્રકારનું દબાણ કે પોતાના વિચારો ઠસાવવાનો પ્રયત્ન કર્યો જ ન હતો. એટલે કે મને અને એમનાં સંતાનોને મુક્તપણે વિકસવાનો અને મૌલિક વિચારધારા ધરાવવાનો પૂર્ણ અવકાશ આપ્યો હતો. અલબત્ત, એટલે એમ નહીં કે એ મૂક પ્રેક્ષક રહ્યા, પણ એમણે અમને સારા–નરસાંની સમજ જરૂર આપી અને કોઈ પણ ક્ષેત્રે વિકસવાની ગુરુચાવી પણ આપી. સદ્ભાગ્યે મને ઘરમાં જ સંગીતનું વાતાવરણ મળ્યું. પિતા પાસેથી ખાસ તો પ્રામાણિકતાનો ગુણ આત્મસાત્ કરવાનો પ્રયત્ન કર્યો. કામમાં ઊંડાણથી મનપૂર્વક કાર્ય કરવું, મૂળમાં જઈ શબ્દને આત્મસાત્ કરી સ્વરાંકન કરવું. કોઈ પણ કૃતિ વિશેષતાથી પ્રગટે તે અત્યંત આવશ્યક છે અને એમાં એક અતિ મહત્ત્વની વાત પપ્પાએ શીખવી કે સ્વરાંકનમાં શબ્દો ભાવપૂર્ણ થવા જોઈએ. કારણ, સ્વભાવ ક્યારેક અભાવ પેદા કરે પણ, ભાવ હંમેશા સદ્ભાવમાં જ પરિણમે. આમાં શૈલીની વાત કરીએ તો એ એવું સૌંદર્ય ધરાવતી હોવી જોઈએ જેથી તે હંમેશાં સંવાદ સર્જતી રહે. મારી મા કૌમુદી મુનશી જે પોતે પણ એક નામી કલાકાર છે. તેમની સાથેનો મારા પિતાનો વ્યવહાર પણ અત્યંત પ્રેરણાદાયક હતો અને સર્વાંગી પ્રગતિ સાધવા માટે સાનુકૂળતા સર્જી.


મને પિતા હંમેશાં સ્વતંત્રતાથી યાદ રહેશે. પ્રેમ એટલે જ સ્વતંત્રતા, કારણ મારા પિતા મને અનહદ પ્રેમ કરતા તેથી જ તો એમણે મને પૂર્ણપણે સ્વતંત્રતાથી સ્થાપ્યો. સામાન્ય સમજ મુજબ પ્રેમને બંધનકર્તા મનાય છે, પણ પ્રેમ એ તો દરિયો છે, અવકાશ છે, જેનો અંત કે છેડો કદાચ ક્યાંય નથી. તેથી મારા પિતા મને એ જ પ્રેમથી યાદ રહેશે

મારા પિતા આત્મસંતોષી હતા અને મને હંમેશાં કહેતા કે કલાકાર તરીકે તું તારી ફરજ નિષ્ઠાપૂર્વક બજાવીશ તો શ્રોતા/પ્રેક્ષક પણ એનો પ્રતિસાદ આપશે, પણ રખે જો તું શ્રોતા–પ્રેક્ષકને ખુશ કરવાના આશયથી કોઈ પણ કર્મ કરશે તો તે લાંબું નહીં ટકે, અને કદાચ શ્રોતા/પ્રેક્ષક વિમુખ પણ થઈ જાય. હવે આ વાત પરથી તમે જ ક્યાસ કાઢી લો કે સમાજે મારા પિતાની કરેલી કે ન કરેલી કદર વિશે મારો શું અભિપ્રાય હોઈ શકે! જીવનમાં ઉતારવા જેવી વાત જે પપ્પાએ કહી હતી કે સ્વરાંકનમાં ગીત (શબ્દો)નો ભાવ આવવો જોઈએ, નહીં કે સ્વભાવ, તો જ એ સ્વરાંકન 'નીપજે' નહીં તો 'ઊપજે'.

# પપ્પાની દાદ પછી જ સર્જન સંપૂર્ણ લાગે છે

'મારી ૩૨ વર્ષની ઉંમરમાં નાનપણનાં પાંચ વર્ષ કંઈ યાદ ન હોય તેમ સમજી જવા દઈએ તો બાકીનાં ૨૭ વર્ષમાં પપ્પા સાથે ઘણીબધી વસ્તુઓ બની છે. કોઈ એક વસ્તુને પૉઈન્ટ કરવી મુશ્કેલ છે. હું જે કંઈ પણ ગીત-સર્જન કરું પણ જ્યાં સુધી પપ્પા તેમા સૂર-તાલ પૂરાવી દાદ ન આપે ત્યાં સુધી એ સર્જન મને હંમેશા અધૂરું લાગે છે.'

- આલાપ દેસાઈ



હુંસાતુંસીમાં પડ્યા વગર સંગીતને પ્રેમ કરીને જીવન જીવવુ પપ્પા (આસિત દેસાઈ)નો મંત્ર રહ્યો છે.

**સ**રગમમાં સારેગમમાં મા આવે ત્યાં સરગમ પૂરી થાય છે. નાનપણનાં થોડાં વર્ષો બોલતાં, ઊઠતાં, ચાલતાં વગેરે આપણને મા શિખવાડે. એવી જ રીતે પધનીસા એટલે કે પપ્પાનું પણ એટલું જ યોગદાન રહેલું છે. દુનિયામાં આગળ વધવાની ઇચ્છા થાય ત્યારે કોણ માર્ગદર્શન આપે? તો તે પપ્પા છે.

મારી જ નહીં પણ બધાની દૃષ્ટિએ પપ્પા પહેલાં સંગીતકાર છે. પપ્પાએ કાયમ કહ્યું છે કે, સંગીત મારો પહેલો પ્રેમ છે. મારું માનવું કે પપ્પાને લોકો સંગીતકાર ઉપરાંત એક સારા માણસ તરીકે પણ યાદ રાખશે. તેમણે કોઈની સાથે ક્યારેય ઝઘડો કર્યો હોય તેવું સાંભળ્યું નથી. ક્યારેય કોઈની સાથે રાજકરણ ન રમે. એક સરળ અને નિષ્પાપ વ્યક્તિત્વ તેમનામાં ઝળકે છે.

સમાજ તરફથી સન્માનની વાત આવે તો દરેકને આ જસની રેખા ઓછી જ લાગવાની. મારા હિસાબે જસ મળે તેટલો ઓછો છે. પરંતુ માન-સન્માન અને જસની બાબતે પપ્પાને કોઈ દિવસ સવાલ હોય તેવું નથી અનુભવ્યું. પપ્પાના જ શબ્દોમાં તમને કહું તો તેઓ હંમેશ કહેતા આવ્યા છે કે; 'ઈશ્વરની કૃપાથી મેં નહોતું ધાર્યું તેટલું મને મળ્યું છે અને લોકોની પ્રશંસા પણ પામ્યું છે.' આમ તેમને જીવનમાં કોઈ હાયવોય કર્યા વગર સામેથી મળ્યું છે. બહુ હુંસાતુંસીમાં પડ્યા વગર સંગીતને પ્રેમ કરીને જીવન જીવવું તેમનો મંત્ર રહ્યો છે. સંતોષ તેમનામાં ઝળકે છે. ૩૨ વર્ષની ઉંમરમાં નાનપણના પાંચ વર્ષ કંઈ યાદ ન હોય તેમ સમજી જવા દઈએ તો બાકીના ૨૭ વર્ષમાં પપ્પા સાથે ઘણીબધી વસ્તુઓ બની છે કે, કોઈ એક વસ્તુને પૉઈન્ટ કરવી મુશ્કેલ છે. હું જે કંઈપણ ગીત-સર્જન કરું પણ જ્યાં સુધી પપ્પા તેમાં કોઈ પણ સ્વરૂપે સૂર-તાલ પુરાવી દાદ ન આપે ત્યાં સુધી એ સર્જન મને હંમેશાં અધૂરું લાગે છે.

તેમણે મને ક્યારેય એવું નથી કહ્યું કે, આલાપ તું આમ કર ને આમ ન કર. પરંતુ હા, તેમણે મને એટલું જરૂર કહ્યું છે કે, આટલું તો કરજે જ અને એક પૉઈન્ટ સુધી પહોંચી જા પછી આગળ તું તારી મહેનતે જ્યાં પહોંચવું હોય ત્યાં પહોંચજે.

પપ્પાએ અને મેં વિચારેલો ડ્રીમ પ્રોજેક્ટ પણ હાલમાં જ સાકાર થયો છે. પપ્પાએ પંડિત રવિશંકરજી સાથે ખૂબ કામ કર્યું છે. પપ્પાની તેમને ટ્રિબ્યૂટ આપવાની ઇચ્છા હતી. આ માટે નેહરુ સેન્ટર, મુંબઈમાં ૬ એપ્રિલે ભારતીય વાદ્યવૃંદ પ્રેઝન્ટેશનનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૦ મ્યુઝિશિયન હતા. કાર્યક્રમમાં પંડિત રવિશંકરજીએ કમ્પોઝ કરેલા કેટલાક પીસીઝ રજૂ કરાયા હતા. ૪ પપ્પાના કમ્પોઝ કરેલા પીસીઝ અને ૨ મારા પીસીઝ રજૂ થયા હતા. મમ્મી હેમા પણ સમગ્ર પ્રક્રિયામાં સાથે હતાં. પત્ની સ્નેહાએ કોમ્પેરિંગની જવાબદારી સંભાળી હતી અને એક સપનું સાકાર થયું.

...અને હા, છેલ્લે તમને નવાઈ લાગે અને હું પણ નથી સમજી શક્યો તેવી પપ્પાની વાત કહેવી છે. તમે ઘણા ગીત-સંગીતકાર તેમજ સંગીતપ્રેમીઓને હરતાં-ફરતાં કે કોઈ પણ કામ કરતાં હોય ત્યારે સંગીત સાંભળતા જોયાં હશે પરંતુ પપ્પાને મેં ક્યારેય સંગીત સાંભળતા જોયા નથી. તેમના મોબાઈલમાં મેં ઘણું બધુ મ્યુઝિક ભરી આપ્યું છે પરંતુ ક્યારેય સાંભળ્યું હોય તેવું મેં જોયું નથી. આ વાત મારે માટે પણ રહસ્ય જેવી છે હા, પણ મેં જોયું છે કે તેમને મ્યુઝિક ક્રિએટ કરવાનો ઘણો શોખ છે. એમાં તેમને કદાચ ખરી મજા પડે છે.

# કામ સાથે સો ટકા કમિટમેન્ટ

'મારા ઘડતરમાં મારા પિતાજીનો મોટો ફાળો છે. બે રીતે મારા ઘડતરમાં તેમની ભૂમિકા છે. નાટ્ય ક્ષેત્રે મારું આગમન મારા પિતાજીના કારણે જ થયું છે. મને નવા સપના જોવાની હિંમત અને તેને સાકાર કરવાની કટીબદ્ધતા તેમણે આપેલી છે. મને રસોઈ કરતાં પણ મારા પિતાએ જ શિખવાડ્યું છે. જ્યારે મારી મમ્મીને એટેક આવ્યો ત્યારે મારા પપ્પાએ મને ખીચડી બનાવતા શીખવ્યું હતું'

- અદિતિ દેસાઈ



નાટકને સામાન્ય જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી પિતા જશવંત ઠાકરની યાદને જીવંત રાખવા માંગું છું.

દરેકના પિતા આગવા હોય છે અને દરેકના પિતા પાસે કંઈક જુદું હોય છે પણ બાળક તેની કદર થોડી મોડી કરે છે તે સત્ય મોડું સમજાય છે. સંતાનને અમુક ઉંમરમાં માતાપિતાના અવગુણ દેખાય છે ઉંમર વધતાંની સાથે સારા ગુણો વધતા જાય છે અને અવગુણોનો છેદ થતો જાય છે.

મારા ઘડતરમાં મારા પિતાજીનો મોટો ફાળો છે. બે રીતે મારા ઘડતરમાં તેમની ભૂમિકા છે. (૧) નાટ્ય ક્ષેત્રે મારું આગમન મારા પિતાજીના કારણે જ થયું છે. મને નવા સપના જોવાની હિંમત અને તેને સાકાર કરવાની કટીબદ્ધતા તેમણે આપેલી છે. (૨) મને રસોઈ કરતાં પણ મારા પિતાએ જ શિખવાડ્યું છે. જ્યારે મારી મમ્મીને એટેક આવ્યો ત્યારે મારા પપ્પાએ મને ખીચડી બનાવતા શીખવ્યું હતું એટલે મારા ઘડતરમાં તેમની ભૂમિકા અનન્ય છે અને રહેશે.

પિતા મારી સ્મૃતિમાં તો જીવંત છે પણ આજે મારી પ્રવૃતિ થકી જશવંત ઠાકર મેમોરીયલ ફાઉન્ડેશન દ્વારા તેમના સપનાં પૂરા કરવાની ખેવના છે. નાટ્યપ્રવૃત્તિ ચાલુ રાખી નાટકને સામાન્ય જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી તેમની યાદને જીવંત રાખવા માંગું છું.


સમાજમાં તેમની કદરની વાત કહું તો પિતાજીના કામને અમુક અંશે ન્યાય મળ્યો છે પણ વખત જતા તેના કામને ભુલાતું જવાય છે. માણસની ગેરહાજરી હોય તો તે સ્મૃતિ પણ જળવાતી નથી. જો કે બધા કિસ્સામાં એવું નથી. ગાંધીજી બધાની સ્મૃતિમાં છે કારણ કે, આપણે તેમનાં મૂલ્યોને જાળવવા અને સતત જીવંત રાખવા યોગ્ય પ્રયત્ન કરીએ છીએ પણ વ્યક્તિગત ધોરણે આ અઘરું થઈ જાય છે. આજે બીજા કલાકારને ન્યાય મળ્યો છે તેવો ન્યાય મારા પિતાજીને મળ્યો નથી તેવું મારું માનવું છે. તેમના નામનું કોઈ થિયેટર નથી કોઈ એવોર્ડ નથી કે કોઈ નાટ્યપ્રવૃત્તિ નથી. તેમના સપનાને સાકાર કરવા સમાજ અને સરકાર તરફથી પ્રયાસ થવા જોઈએ.

પિતાની સ્મૃતિને યાદ કરીને એક મહત્ત્વની વાત તમને જણાવું તો તેમણે આપેલ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'મેં પ્રેક્ષકોને છેતર્યા નથી' તમારું કમિટમેન્ટ સો ટકા હોય અને તન, મન, આત્માથી તે વસ્તુ સાથે જોડાયા હોય તો કોઈ પણ તમારા તરફ આંગળી ઉઠાવી શકશે નહી.

# પિતાજી એટલે જીવનને જાણવાં-માણવાંની જડીબુટ્ટી

'રીતસરની કોઈ પણ તાલીમ લીધા વિના મારામાં પણ સંગીત આપોઆપ ઊતરી આવ્યું છે. પિતાને કારણે જ મારો સંગીતનો શોખ મજબૂત થયો. ક્યાંય પણ કાર્યક્રમો થાય ત્યારે તે વિશે ઘરમાં ભેગા મળીને ચર્ચા અવશ્ય થાય. ઘણી વાર હું કોઈ સ્વરાંકન કરું તો તરત જ પિતાજીને સંભળાવવા માટે દોડી જતો.'

- માલવ દિવેટિઆ





સંગીત ઉપરાંત ક્રિકેટ, પ્રવાસ અને સારું સારું જમવાના પણ પિતા(ક્ષેમુ દીવેટિઆ) શોખીન હતા.

મારા પિતા આમ તો ધંધાદારી માણસ હતા. અમારે કેમિકલ્સ અને પેપરનો બિઝનેસ હતો. પરંતુ આ બધા વચ્ચે પણ સંગીત તેમાં પ્રથમ હરોળમાં હતું. ઘરનું વાતાવરણ સતત સંગીતમય હોવાને લીધે રીતસરની કોઈ પણ તાલીમ લીધા વિના મારામાં પણ સંગીત આપોઆપ ઊતરી આવ્યું છે. પિતાને કારણે જ મારો સંગીતનો શોખ મજબૂત થયો. ક્યાંય પણ કાર્યક્રમો થાય ત્યારે તે વિશે ઘરમાં ભેગા મળીને ચર્ચા અવશ્ય થાય. ઘણી વાર હું કોઈ સ્વરાંકન કરું તો તરત જ પિતાજીને સંભળાવવા માટે દોડી જતો. પણ હવે કોને સંભળાવું? સંગીતનો 'સા' સંભળાય ત્યારે દરેક પળે તેની યાદ ગુંજે છે. મારે એટલું જરૂર કહેવું છે કે સમાજે તેમની કદર ખૂબ કરી છે. તેમને ગૌરવ પુરસ્કાર અને અવિનાશ વ્યાસ ઍવોર્ડ, ક્ષેમુ દિવેટિઆ વસ્ત્રાપુર એમ્ફિથિયેટર વગેરે જેવાં સન્માન પણ પ્રાપ્ત થયાં છે. પરંતુ આ બધાં વચ્ચે એટલું કહેવાનું પણ જરૂર મન થાય છે કે, તેમનાં સ્વરાંકનો આપણે સતત-કાર્યક્રમો કરીને પેઢી દર પેઢી ગુંજતા રાખવા જોઈએ. તો એ વ્યક્તિની સાચી કદર થઈ ગણાશે.


તેમની ચીવટતા મને આજે પણ એટલી જ યાદ આવે છે. આકાશવાણી સાથે તેમનો જૂનો નાતો. ઘરમાં સવાર પડે એટલે રેડિયો શરૂ થઈ જાય. રેડિયોમાં કોઈ ગીત સાંભળે અને તેને કંઈ ત્રુટિ દેખાય અથવા તો એનાઉન્સરે કોઈ નામ બોલવામાં ગડબડ કરી હોય તો કાર્યક્રમ પૂરો થાય પછી તરત જ આકાશવાણી પર ફોન જોડે અને કહે કે તમે અહીં ભૂલ કરી છે.

ગુજરાતી ગીત-સંગીત સાથે ઘનિષ્ઠ નાતો ધરાવતા હોવા છતાં એમને હિન્દી ફિલ્મોનાં ગીતો પણ એટલાં જ પ્રિય હતાં. આ વિશે પણ અમારે બાપ-દીકરા વચ્ચે ખૂબ ચર્ચા થતી. તેમણે ઘણાં નાટકોમાં પણ ગીત-સંગીત આપ્યું છે. જેની બહુ ઓછા વર્ગને જાણ છે. તેની નોંધ થવી જરૂરી છે. ક્રિકેટ અને સારું-સારું જમવાનો તેમનો સંગીત ઉપરાંતનો શોખ હતો. ક્રિકેટ મૅચ તો જોવાની પણ હાઈલાઈટ્સ પણ ચૂકવાની નહીં. એટલો ચસકો. તેઓ એક સારા ક્રિકેટર પણ હતા. નવી-નવી વાનગીઓ બનાવડાવાનો અને ખાવાનો તેમનો શોખ આજે પણ યાદ આવે ત્યારે આંખનો ખૂણો ભીનો થઈ આવે છે. પ્રવાસ પણ તેમણે ખૂબ કર્યા. તેમની સાથેના પ્રવાસના દિવસોની સ્મૃતિ પણ ક્યારેય વિસરાય તેમ નથી. પિતા પાસેથી મારું માત્ર ઘડતર જ નથી થયું. પરંતુ જીવનને માણતાં-માણતાં કેમ જીવી જાણવું તેની જડીબુટ્ટી પણ તેઓ મને આપતા ગયા છે.

# પિતા મારા માટે સાન્તા છે

'આજે જયારે રોલ મૉડલ બહારની દુનિયમાંથી શોધવામાં આવે છે ત્યારે મારા તો ઘરમાં જ રોલમૉડલ છે. હું જે કંઈ પણ શીખ્યો, સમજયો અને ઘડાયો છું તે માત્ર મારા પપ્પાને લીધે જ છે. હું લેખક નથી પણ મારાથી લખાઈ જાય છે. હું દઢપણે માનું છું કે લખવું મારા લોહીમાં જ છે.'

- મિતાઈ શુક્લ



પિતા (તુષાર શુક્લ) એટલે બહાર અને ઘર બંને જગ્યાએ એકસરખી પ્રેમાળ છબી

**એ**ક કવિ, લેખક અને સંચાલક એ બાહ્ય રૂપ છે પણ એ જ વ્યક્તિ પિતા તરીકે એટલો જ મહાન હોય તે ભાગ્યે જ જોવા મળે છે. જ્યારે મારા પપ્પા એવી જ એક વ્યક્તિ છે જે બહાર અને ઘરમાં પણ એકસરખી છબી ઘરાવે છે. તે અત્યંત પ્રેમાળ છે. નાનો હતો ત્યારે મારે કોઈ પણ વસ્તુ જોઈએ તે વગર માગ્યે મને મળી હતી. કોઈની ગેમ કે વસ્તુ જોઈ, 'આ મારી પાસે નથી' એવી ભાવના જ ન થાય કારણ કે મને બધું વગર માગ્યે જ મળી જતું.

આજે જ્યારે રોલ મૉડલ બહારની દુનિયમાંથી શોધવામાં આવે છે ત્યારે મારા તો ઘરમાં જ રોલમૉડલ છે. હું જે કંઈ પણ શીખ્યો, સમજ્યો અને ઘડાયો છું તે માત્ર મારા પપ્પાને લીધે જ છે. હું લેખક નથી પણ મારાથી લખાઈ જાય છે. હું દઢપણે માનું છું કે લખવું મારા લોહીમાં જ છે. મારા દાદા પણ લખતા હતા અને પપ્પા પણ લખે છે. તેમના જેટલા કાર્યક્રમો થયા હશે તેમાંથી હું માંડ થોડા જ જોવા ગયો હોઈશ. અમે બહાર ફરવા કે મોલમાં ગયા હોય ત્યારે મારી ઉંમરની છોકરીઓ પપ્પાનો ઑટોગ્રાફ લે છે અને કહે છે કે, 'આ કવિ અને સંચાલક તુષાર શુક્લ છે' મારા માટે આ ગર્વની બાબત છે.

સમાજ સામે મને કોઈ ફરિયાદ નથી પપ્પાએ જે કંઈ પણ નવું કર્યું છે તેનો સમાજે સ્વીકાર કર્યો છે અને બિરદાવ્યા છે. આજની જનરેશન સારું ગુજરાતી તો ઠીક પણ સાચું ગુજરાતી પણ બોલતી નથી. આવા સમયમાં એક એવા ગુજરાતી કોમ્પેરર તરીકે છાપ ઊભી કરવી કે શ્રોતાઓ તેના નામથી ખેંચાઈ આવે. સંચાલનના ક્ષેત્રમાં તેમને જે માન-સન્માન મળ્યું છે તેના માટે મને ગર્વ છે. તેમને આજના યુવાવર્ગ માટે નવો ચીલો ચાતર્યો છે.

મને એક પ્રસંગ યાદ છે કે, હું પાંચ-છ વર્ષનો હોઈશ ત્યારે હું અને મારી કઝીન ઘરના કોઈ પણ ઝાડને ક્રિસમસ ટ્રી બનાવી વિશ લખીને મોજામાં મૂકી દેતા. મારી પાસે બેટ ન હતું અને મેં સાન્તા પાસે બેટ માંગ્યું. બીજા દિવસે બેટ સાથે ગ્લોવ્ઝ પણ મળ્યાં. મારા માટે તે સાન્તા છે. 'હું તો ખોબો માંગુ ને દઈ દે દરિયો' મારા પપ્પા મારા માટે 'સાંવરિયો' છે.

હું લખતો ન હતો ત્યારે હંમેશાં હું તેમને કહ્યા કરતો કે, 'જે ફીલિંગ અભિષેક બચ્ચનની તે જ મારી છે'. તુષાર શુક્લના દીકરા તરીકે મારાથી ખોટું લખાવું ન જોઈએ અને હું ખોટું લખી જ ન શકું. કૉલેજકાળ દરમિયાન એક કવિતા લખવાની સ્પર્ધામાં મેં ભાગ લીધો અને ઇનામ પણ મેળવ્યું. ઘરે આવી પપ્પાને જણાવ્યું. તેમણે પૂછ્યું કે, 'તેં શું લખ્યું છે?' અને મેં તે ન હસે એ શરતે મારી કવિતા સંભળાવી. તેઓ સાંભળી અત્યંત ખુશ થયા અને કહ્યું કે, 'ઇનામ મળે કે ન મળે પણ કવિતાના હાર્દને સમજી કોઈ વિષય પર લખવું અને તેને કાવ્યસ્વરૂપ આપવું તે જ કાબીલેદાદ છે. એ જ વખતે મને ઇનામ અપાવ્યું. શૂઝનો ખૂબ શોખ એટલે તેમણે મને ૬,૦૦૦ના બૂટ અપાવ્યા. જે આજે પણ મારા માટે અમૂલ્ય છે.'

# પિતા એટલે આગવી દષ્ટિ અને ગજબની ધગશ



નાનપણમાં પપ્પા(સુધીર ખાંડેકર)એ કી-બોર્ડ આપ્યુ હતું. તે આગળ જતાં. મારા સંગીતની દુનિયામાં પ્રવેશ માટેનો માર્ગ બન્યું.

**મા**રો જન્મ ખાંડેકર પરિવારમાં થયો એ જ મોટી વાત છે. મને વારસામાં સંગીત મળ્યું છે. પાંચ વર્ષની ઉંમરે જ્યારે બીજાં બાળકોને રમકડાં મળતાં ત્યારે મને પપ્પાએ કી-બોર્ડ આપ્યુ હતું. તે આગળ જતા મારા સંગીતની દુનિયામાં પ્રવેશ માટેનો માર્ગ બન્યું. મેં ગાવાનો વિચાર પપ્પાને જણાવ્યો. તેમણે મારી તાલીમ માટે કૃષ્ણકાંત પરીખનો સંપર્ક કર્યો. તે વખતે દરરોજ સવારે પપ્પા મને આંબાવાડીથી નારણપુરા મૂકવા આવતા. મારા પિતા આપણા માટે આટલી બધી જહેમત ઉઠાવે તે મહત્ત્વની વાત છે. તેમનો ગુણ જે મને સ્પર્શી જાય છે તે છે તેમનું જબરદસ્ત વિઝન. દરેક વસ્તુને જોવાની તેમની આગવી દૃષ્ટિ છે. તેમની પૃથક્કરણ કરવાની ગજબની આવડત છે. સતત મને માર્ગદર્શન આપે છે. મારા ગુણો સાથે મારી ત્રુટીઓ તરફ પણ ધ્યાન દોરે છે. સમાજમાં કદરની વાત કહું તો, મારા પપ્પામાં જેટલી કાબેલિયત છે તેનો પૂરો ઉપયોગ આજના સારા સંગીતના જાણકારો દ્વારા થયો નથી. તેમની પાસે એટલું બધું છે કે તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો સંગીત ક્ષેત્રને ઘણું બધું પ્રાપ્ત થાય. મારા પપ્પાનો વિલપાવર જોરદાર છે. તેમનામાં કામ કરવાની ગજબની ધગશ છે. આજે પણ તેમને જો વિચાર આવે કે કાર લઈ હિમાલય જવું છે તો તે વિચારને અમલમાં મૂકતાં જરા પણ વાર ન લગાડે. તેમાંથી થોડી ધગશ પણ મારામાં આવે તેવું હું ઇચ્છુ છું.

> ‘પપ્પાનું વિઝન જબરદસ્ત છે. દરેક વસ્તુને તેઓ આગવી દષ્ટિથી જુએ છે. તેમની પૃથક્કરણ કરવાની આવડત પણ ગજબની છે. સતત મને માર્ગદર્શન આપે છે. મારા ગુણો સાથે મારી ત્રુટિઓ તરફ પણ ધ્યાન દોરે છે. પપ્પામાં સંગીતની એટલી બધી સૂઝ રહેલી છે કે, જેનો ઉપયોગ કરીએ તેટલો ઓછો છે. લોકો દ્વારા તેનો વધુ લાભ લેવાવો જોઈએ.’
>
> - અનિકેત ખાંડેકર


## છલોછલ આત્મસંતોષ, મળ્યું તેનો આનંદ, ન મળ્યાનો અફસોસ નહીં


પિતાએ એવા સંસ્કારનું સિંચન કર્યું છે કે જે અમારા વ્યક્તિત્વમાં દેખાય છે.: જાતુષ હરિશ્ચન્દ્ર જોષી

મારા પપ્પાએ અમને સૂર અને સાહિત્યનો વારસો આપ્યો છે. બાળપણમાં તેઓ અમને જાત જાતના પ્રદેશની દુનિયામાં લઈ જતા. ઘણાબધા પ્રદેશો અને તેની વાતો કરતા. મારા પપ્પા શિસ્તના ખૂબ આગ્રહી, બહારથી ગંભીર લાગતા પણ હૃદયથી અત્યંત ઋજુ સ્વભાવના છે. તેમને અમને એક એવો ભરોસો આપ્યો છે, એવા સંસ્કારનું સિંચન કર્યું છે કે જે અમારા વ્યક્તિત્વમાં દેખાય છે. મારા પપ્પા અત્યંત પ્રેમાળ પિતા છે. અમારી કલા, ગાયિકી દરેક વસ્તુ પર તેમની છાપ દેખાય છે. લોકોએ તેમની કદર કરી છે અને મારા પિતા એટલા બધા આત્મસંતોષી છે કે અમને જે કઈ મળ્યું છે તેનો અમને આનંદ છે. અને જે નથી મળ્યું તેનો અફસોસ પણ નથી. આજે તેમના નામથી કોઈ સ્પર્ધા કે ઍવોર્ડ અપાય તો એક દીકરા તરીકે મને આનંદ થાય.

તેમની અંદર ઘણું ઘણું જ્ઞાન પડ્યું છે પણ તેનો દેખાડો કરતાં મેં ક્યારેય તેમને જોયા નથી. અમે નાના હતા ત્યારે તે મને હીંચકા પર બેસાડી અલકમલકની વાતો કરતા. તેમનું સંગીત, કવિતા સાથે સાથે અધ્યાત્મ તરફ પણ ખેંચાણ છે. તેમનો એક પ્રસંગ યાદ આવે છે કે, જ્યારે મારો જન્મ પણ નહતો થયો ત્યારે મારા પપ્પા એક અઠવાડિયા માટે એકાંતવાસમાં રહ્યાં હતા. તેમની આંતરિક અનુભૂતિ જબરજસ્ત છે. રમેશ પારેખ તેમના ખાસ મિત્ર હતા. બંને વચ્ચે અતૂટ મૈત્રી હતી. અમે તેમને રમેશમામા કહીને બોલાવતાં. તેમના મિત્રવર્તુળમાં કવિ રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા અને શ્યામ સાધુ હતા. અરે, મારા પપ્પાના લગ્ન વખતે રમેશમામા પપ્પાના અણવર બન્યા હતા. ઘણી વાર એવું બનતું કે પપ્પા સ્વરની ધૂન બનાવે અને રમેશમામા તે પછી શબ્દરચના લખે. અમારો ઉછેર આવા સાહિત્ય અને સંગીતના વાતાવરણ વચ્ચે થયો છે.

## યોગ્ય લાગે તે જ જીવનમાં કર્યું


પિતા(દિગંત ઓઝા)એ મારો ઉછેર એ સમયના બાળકો કરતાં અલગ રીતે કર્યો છેઃ કાજલ ઓઝા વૈદ્ય

બહુ ઓછા ગુજરાતી પિતા જોયા છે કે જેમણે સંપૂર્ણ સ્વતંત્રતા આપી દીકરીનો ઉછેર કર્યો હોય, આજે હું જે કઈ છું તે મારા પપ્પાને લીધે જ છું. મને પૂરી સ્વતંત્રતા મળી છે, મને નિર્ણયો લેવાની, ભૂલો કરવાની અને તેનાં પરિણામો ભોગવવાની સંપૂર્ણ સ્વતંત્રતા હતી. મારો ઉછેર એ સમયના બાળકો કરતાં અલગ રીતે થયો છે.

કદર થાય તો જ કામ કરવું એવો અમારો માપદંડ જ નથી. જે કંઈ અમને યોગ્ય લાગ્યું તે જ અમે બંને પિતા પુત્રીએ કર્યું છે.

એક બહુ મજાની વાત કહું તો ૧૭ કે ૧૮ વર્ષની હતી ત્યારે અમે મસૂરી ગયાં હતાં અને ત્યારે મે બારમાં જવાની જીદ કરી અને તે મને લઈ પણ ગયા. પહેલી વાર એક પપ્પા અને દીકરીએ સાથે ડ્રિંક લીધું હોય તેવું બન્યું. મારા પપ્પા હંમેશાં કહેતા કે કોઈ વસ્તુ સારી કે ખરાબ નથી. દૂધ પણ વધારે પીવામાં આવે તો હાનિકર્તા જ છે.

મારા પપ્પા ખુશમિજાજ પ્રકૃતિના હતા ને પ્રામાણિક હતા. પોતાના કામને પ્રેમ કરતા.

## હમ જીયે હમારી મસ્તી મેં, ચાહે આગ લગે સારી બસ્તી મેં



પિતા (પી.ખરસાણી)ની વાણી, વર્તન અને શૂન્યમાંથી સર્જન કરવાની આવડત મને સ્પર્શી જાય છેઃ ચીકા ખરસાણી

**આ**જે હું ૬૦ વર્ષનો છું અને મારા પપ્પા ૮૭ વર્ષના છે. પણ જ્યારે હું ૫ વર્ષનો હતો ત્યારથી આંગળી પકડી મને સ્ટેજ સુધી દોરી જનારા મારા પિતા છે. તેમના સંઘર્ષથી માંડીને રંગભૂમિના દરેક પાસા પર તેમની આગવી છાપ દેખાય છે. તેમની વાણી, વર્તન અને શૂન્યમાંથી સર્જન કરવાની આવડત મને સ્પર્શી જાય છે. તેમને કામની ભૂખ છે, ક્યારેય કામથી થાકતા નથી. તે ખૂબ મોજીલાં અને મસ્તીથી જીવતા માણસ છે. આદર્શ પિતા છે. તે કોઈ પણ કામ ટેન્શન વગર કરે છે. કામને ભારણ બનાવતા નથી. પપ્પાનો અને મારો એક મંત્ર છે કે 'હમ જીયે હમારી મસ્તી મેં, ચાહે આગ લગે સારી બસ્તી મેં', અમારું આખું કુટુંબ બહુ સંતોષી છે. અમને જે કંઈપણ મળ્યું તેનો અમને ગૌરવ અને સંતોષ છે. જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એક હતાં ત્યારે પણ તેમને શ્રેષ્ઠ અભિનેતાનો ઍવોર્ડ મળ્યો હતો અને હમણાં સાત વર્ષ પહેલાં ગુજરાત ગૌરવ પુરસ્કાર પણ તેમને એનાયત થયો હતો. તેમની એક વાત હંમેશાં યાદ કરવાનું મન થાય કે સ્ટેજ પરની તેમની દાદાગીરી, પ્રોડક્શન શરૂ થાય ત્યારથી સતત ઝીણામાં ઝીણી બાબતે નજર. એક વાર એક અભિનેતા સ્ટેજનો પડદો ખુલ્યા પછી અડધો કલાકે આવ્યા. આ પરિસ્થિતિમાં સહેજ પણ વિચલિત થયા વગર બીજા કલાકારને તે ભૂમિકા સોંપી અને તેના દરેક હાવભાવને માત્ર થોડા સમયમાં અભિનય સાથે તૈયાર કર્યા. આવી અનેક ઘટનાઓ તેમના વ્યક્તિત્વ સાથે જોડાયેલી છે.

## બહારથી કઠોર પણ અંદરથી ઋજુ હૃદયના

**મા**રા ઘડતરમાં મારાં માતાપિતાનો ફાળો અનન્ય રહ્યો છે. આજે હું જે પણ કઈ છું તે માત્ર તેમના લીધે જ છું. તેઓ મારા પિતા હોવાની સાથે સાથે મારા ગુરુ પણ હતા. મારા પપ્પા અત્યંત ઋજુ હૃદયના હતા ભલે બહારથી તેમની છાપ કઠોર વ્યક્તિની હોય. તેમણે હંમેશાં જે યોગ્ય લાગ્યું તે જ કર્યું છે. તે ઉપકાર કરી ભૂલી જવામાં માનતા હતા. ગરીબને મદદ કરવાં તૈયાર રહેતા. કોઈનું પણ ભલું થતું હોય તો તે મદદ કરતાં અચકાતા ન હતા. મારો અભ્યાસ સપ્તકમાં થયો હતો. બીજા શિષ્યોની જેમ જ મારે ભણવાનું રહેતું. જેમ બીજા શિષ્યોને તાલીમ અપાતી હતી તેમ મને કોઈ પણ સ્પેશિયલ ટ્રીટમેન્ટ મળતી ન હતી. મારા સિનીયર વિદ્યાર્થીઓ પાસેથી પણ હું કંઈ ને કંઈ શીખી છું. મારા પિતા દૃઢ મનોબળ ધરાવનાર ઇન્સાન હતા. બીમાર પડ્યા પછી પણ તેમનો જુસ્સો અકબંધ રહ્યો હતો. તેમની તબિયત નાદુરસ્ત હોવા છતાં 'સપ્તક'ના સ્ટેજ પર તેમણે પરફોર્મ કર્યું હતું.


નરમ પિતા (નંદન મહેતા) હોવાની સાથે કડક ગુરુ પણ હતાઃ હેતલ મહેતા



જાવેદ અખ્તર અને તેની પુત્રી ઝોયા

# દોરાહા

યે જીવન એક રાહ નહીં
એક દોરાહા હૈ
પહલા રસ્તા
બહુત સહલ હૈ
ઈસમેં કોઈ મોડ નહીં હૈ
યે રસ્તા
ઈસ દુનિયા સે બેજોડ નહીં હૈ
ઈસ રસ્તે પર મિલતે હૈ
રીતો કે આઁગન
ઈસ રસ્તે પર મિલતે હૈ
રિશ્તોં કે બંધન
ઈસ રસ્તે પર ચલનેવાલે
કહને કો સબ સુખ પાતે હૈ
લેકિન

ટુકડે ટુકડે હોકર
સબ રિશ્તો મેં બટ જાતે હૈં
અપને પલ્લે કુછ નહીં બચતા
બચતી હૈ
બેનામ સી ઉલઝન
બચતા હૈ
સાઁસો કા ઈંધન
જિસમેં ઉનકી અપની હર પહચાન
ઔર ઉનકે સારે સપને
જલ બુઝતે હૈ
ઈસ રસ્તે પર ચલનેવાલે

ખૂદ કો ખોકર જગ પાતે હૈ
ઊપર ઊપર તો જીતે હૈ
અંદર-અંદર મર જાતે હૈ
દૂસરા રસ્તા
બહુત કઠિન હૈ
ઈસ રસ્તે મેં
કોઈ કિસી કે સાથ નહીં હૈ
કોઈ સહારા દેનેવાલા હાથ નહીં હૈ
ઈસ રસ્તે મેં
ધૂપ હૈ
કોઈ છાઁવ નહીં હૈ
જહાઁ તસલ્લી ભીખ મેં દેદે કોઈ કિસી કો
ઈસ રસ્તે મેં
એસા કોઈ ગાઁવ નહીં હૈ

યે ઉન લોગોં કા રસ્તા હૈ
જો ખુદ અપને તક જાતે હૈ
અપને આપકો જો પાતે હૈ
તુમ ઈસ રસ્તે પર હી ચલના ।

મુજે પતા હૈ
યે રસ્તા આસાન નહીં હૈ
લેકિન મુજકો યે ગમ ભી હૈ
તુમકો અબ તક
ક્યૂં અપની પહચાન નહીં હૈ ।


- જાવેદ અખ્તર તેમની પૂત્રી ઝોયા માટે તરકશ કાવ્યસંગ્રહમાં લખેલી કવિતા
- સાભાર-રાજકમલ પ્રકાશન



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# પિતાજીનું સ્મરણ

અહીં રજૂ થયેલી આ બંને ગઝલો હકીકતમાં તો બે પેઢીની ગઝલ છે. બે જુદી મનઃસ્થિતિ ધરાવતા સમાજની ગઝલો છે. બદલાતા જતા સમયની ગઝલો છે. ગઈકાલના પિતામાં અને આજના પિતામાં, ગઈકાલના પુત્રોમાં અને આજના પુત્રોમાં કદાચ ક્યાંય કોઈક ખૂણે આવો ફેર-ફરક તમે પણ જોયો હોય. પાંચેય આંગળીઓ સરખી ન હોય તે જ રીતે બધા પુત્રો પણ સરખા ન હોઈ શકે.



ઈંટ-ચૂનાનું ઊભું આ ઘર... પિતાજીનું સ્મરણ,
મંત્રમય વાતાવરણ, અંતર પિતાજીનું સ્મરણ.

ને અમાસી રાત અજવાળી બની જાતી તરત,
ઓરડા અજવાળતો અવસર પિતાજીનું સ્મરણ.

એમની આંખે પૂજાની ઓરડીને જોઉં ત્યાં,
વિશ્વ દેખાડે અજબ ભીતર પિતાજીનું સ્મરણ.

શું ય સચવાયું સતત આ બાગના કણકણ મહીં,
ફૂલ શું ? ક્યારા તણા પથ્થર પિતાજીનું સ્મરણ.

આંખ ઝળઝળિયાં ભરી જોતી રહી તસવીરને,
આમ મોતીએ કર્યું સાગર પિતાજીનું સ્મરણ.

એમનાં હરકર્મ રસ્તો ચીંધતા મૂંઝાઉં ત્યાં,
હરકદમ પર જે મળ્યો આદર... પિતાજીનું સ્મરણ

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

મા તે મા. જનનીની જોડ સખી નહીં જડે રે લોલ... માતા વિશે કહેવતથી લઈને કાવ્યો સુધી ઘણું જોવા મળે છે. પણ પિતા વિશે કવિતા, વાર્તા કે કોઈ પણ સાહિત્ય ઓછું જોવા મળે છે. ભલે પુરુષપ્રધાન સમાજ છે. એમ કહેતા હોઈએ પરંતુ મૂલ્ય તો મા નું છે, સ્ત્રીનું જ છે. માતૃત્ત્વનું વધારે છે. કારણ કે એ જનની છે એ શક્તિ છે.

પિતાનું સ્થાન આપણા જીવનમાં મીઠા (Salt) જેવું છે. મીઠું જો ભોજનમાં હોય છે તો તેની હાજરીની આપણે નોંધ નથી લેતા પરંતુ મીઠું ભોજનમાં ન હોય તો ગમે તેટલું સુંદર ભોજન બનાવ્યું હોય એ ફિક્કું લાગે છે. ફિક્કું બની જાય છે. જીવનમાં પિતાની હાજરીનો ખાસ અહેસાસ ન પણ લાગે પરંતુ પિતાની બે દિવસ માટેની ઘરમાં ગેરહાજરી પણ ઘરને સૂનું બનાવી શકે છે. જો કે પિતા બહારગામ જાય તો પણ માતાને લીધે ઘર એવું સૂનું નથી લાગતું. પરંતુ પિતાનું ન હોવું એ ખૂબ મોટી ખોટ ઊભી કરનારું હોય છે. પિતા એક એવું વ્યક્તિત્વ છે જે મૃત્યુ પામ્યા પછી તેની હાજરીનું મૂલ્ય સમજાવે છે. મેં એવા અનેક દીકરા-દીકરીઓને જોયાં છે જેમને પિતાના ચાલ્યા ગયા પછી, અવસાન પછી પિતાને ન ઓળખી શક્યાં એવું લાગ્યું હોય. પિતા ખૂબ વહેલા ચાલ્યા ગયા એવું લાગ્યું હોય. પિતા વિશે એટલી પ્રારંભિક વાત કરવાનું મન એટલા માટે થયું કે ક્યાંક હૃદયમાં પિતા માટેનો જે પ્રેમ અને આદર પડેલા છે તેને શબ્દોમાં મૂકી શકું.

મારા પિતાજીને હું બાપુજી કહેતો હતો. પિતાજીની યાદમાં કશુંક કરો એવું એક-બે સંસ્થાઓએ ભારપૂર્વક કહ્યું હતું. એમનો ઈશારો પૈસા તરફ, દાન તરફ હતો. એ સ્પષ્ટ સમજી ગયો હતો. પણ... મારે માટે તો કેટકેટલું સ્મરણ બનીને ઊભરી આવ્યું! ઈંટ



**પિતાનું સ્થાન આપણા જીવનમાં મીઠા (Salt) જેવું છે. મીઠું જો ભોજનમાં હોય છે તો તેની હાજરીની આપણે નોંધ નથી લેતા. પરંતુ મીઠું ભોજનમાં ન હોય તો ગમે તેટલું સુંદર ભોજન બનાવ્યું હોય એ ફિક્કું લાગે છે. ફિક્કું બની જાય છે. જીવનમાં પિતાની હાજરીનો ખાસ અહેસાસ ન પણ લાગે પરંતુ પિતાની બે દિવસ માટેની ઘરમાં ગેરહાજરી પણ ઘરને સૂનું બનાવી શકે છે.**

અને ચૂનાનું આ ઘર પણ એમની કેટકેટલી યાદોથી ભરેલું છે! બા કહેતી હતી કે ઘરનું ધાબું ભરાયું તે દિવસે તારા બાપુજીએ શહેરમાંથી ગાંઠિયા અને બુંદીના લાડુ બધાને ખવડાવ્યા હતા. ઘરના ખૂણેખૂણાને તેમની શ્રદ્ધાએ અને તેમના પરસેવાએ ચોખ્ખો રાખ્યો છે. માત્ર ઈંટ અને ચૂનાનું ઘર જ જોઉં છું અને ઈંટ અને ચૂનાના ઘરમાં પિતાજીનો સુવર્ણકાળ બેઠો થતો જોઉં છું. આખું વાતાવરણ જાણે મંત્રમય બની જાય છે. મારું હૃદય, મારું અંતર પિતાજીનું સ્મરણ બની જાય છે.

પિતાજીની યાદ પણ અજવાળું આપનારી બની રહી છે. જીવનની અંધારી રાતોમાં બાપુજીની યાદ આવે અને અચાનક હૃદયમાં હિંમત અને શરીરમાં ક્યાંકથી શક્તિ આવી જાય છે. ગાંધીજીને મેં નથી જોયા પણ એ મુઠ્ઠી હાડકાંનો ડોસો કેવો હશે, એનું મનોબળ કેવું હશે એની ઝલક તો મળી જ છે મને.

આજે મારી પૂજાની ઓરડી જરાક મૉર્ડન થઈને પૂજાનો રૂમ બની ગઈ છે. ભગવાન બધા એના એ જ છે. બાપુજીની આંખે આ પૂજાની ઓરડીને જોવાનો પ્રયત્ન કરું છું. અને આંખ બંધ થઈ જાય છે, ભીતર ડોકિયું થઈ જાય છે. હોઠ ઉપર મંત્ર આવી જાય છે. આંખ ભાવથી ભીંજાઈ જાય છે. અચાનક શ્રદ્ધાનો દીવો પ્રગટી ઊઠે છે. અને મારી ભીતર એક આખું અનોખું વિશ્વ પિતાજીનું સ્મરણ દેખાડી જાય છે.


અનેક વાર સાંજના પાંચ વાગ્યા પછીના તડકામાં ઘરના બગીચામાં ફૂલોના બનેલા ક્યારા ઉપર મારી નજર પડે છે અને બાપુજી દેખાય છે. ધોતિયું અને બાંડીયુ પહેરીને ખુરપીથી ક્યારા બનાવતા, ક્યારાની ઈંટોને ગોઠવતા, ક્યારાને ગોડ કરતા અને... તેમણે વાવેલા પેઢીઓ જૂનાં આ વેલ અને વૃક્ષોના ફૂલ તેમના સ્મરણ જેટલાં તાજાં દેખાય છે. ફૂલ જ નહીં ક્યારાના આ પથ્થરો પણ જાણે તે હમણાં જ ગોઠવીને ગયા હોય તેમ લાગે છે.

બાપુજીની તસવીર તો વર્ષો જૂની છે. રંગ પણ લગભગ ઊડવા આવ્યો છે.

આંખ પોતાનામાં અને એ તસવીરમાં ઝળઝળિયા ભરીને જોતી રહે છે. જાણે આંખની છીપનાં મોતી જેવાં આંસુઓ સાગર જેવા પિતાનું સ્મરણ કરી રહ્યાં છે.

એ હયાત હતા ત્યારે એમણે આમ કેમ કર્યું હશે? એ ઘણી વાર સમજાતું નહોતું. એમના સિદ્ધાંતો, આદર્શોનો અર્થ શું છે એવું પણ થતું. આજે જીવનમાં કોઈ પ્રસંગે ક્યાંક મૂંઝાઉં છું ત્યારે પિતાજીનાં એ જ કામો, એ જ કામો કરવાની પદ્ધતિ જાણે રસ્તો ચીંધતી હોય છે. એ જ બધું જે જોયું છે તે યાદ આવીને કોઈ માર્ગ ના જડતો હોય ત્યારે રસ્તો કાઢી જાય છે. મારાં કાર્યોને, મારી સૂઝને જ્યારે સૌ વખાણે છે ત્યારે હું જાણું છું કે આ બધો આદર તો પિતાજીના સ્મરણને લીધે મળી રહ્યો છે. મને પરમ આનંદ છે કે પિતાજીની ગઈકાલની યાદો મારી આજની અને આવતીકાલોની અનેક વાર માર્ગદર્શક બની જાય છે.

ક્યારેક ઘરમાં વડીલોનું સ્થાન માત્ર Antic Furniture જેવું હોય છે. કોઈ આવે ત્યારે આ Antic Furniture બહુ કીમતી છે. વર્ષોથી કાળજીથી સચવાયું છે, કેવું અદ્ભુત છે, કેટલા વર્ષો થયા હજુ એમને એમ છે એવું–એવું કહીને બે મિનિટ માટે બતાવામાં આવે છે. ઘણાં કુટુંબમાં પિતાની સ્થિતિ એવી પણ જોઈ છે. તેના ફળસ્વરૂપે જે ગઝલ લખાઈ તે અહીં મૂકી રહ્યો છું.




# દીકરો આનંદ આપે પણ દીકરી માટે આનંદ ન્યોચ્છાવર કરી દેવાનું મન થાય



નંદિની ત્રિવેદી

સૌમ્ય, પ્રસન્નચિત્ત વ્યક્તિત્વ, લાઘવપૂર્ણ ભાષા અને ખૂબ મોટા ગજાના કવિ એટલે સિતાંશુ યશશ્ચન્દ્ર ઑડિસિયસનું હલેસું, જટાયુ અને 'વખાર' નામનો કાવ્યસંગ્રહ આપનાર સિતાંશુભાઈ મોડર્ન કવિ છે. એમની આ એક પંક્તિ જ કેટલું બધું કહી જાય છે, જુઓને! વનનો લીલો અંધકાર જેમ કહે તેમ સૌ કરે, ફરે, ચરે, રતિ કરે, ગર્ભને ધરે, અવતરે, મરે! એમનું ભાષાકર્મ એવું સરસ છે કે ધારે એ રીતે ભાષા પાસે કામ કઢાવી શકે. આ 'નરસૈંયો' નાટક એમણે આખું ઝૂલણા છંદમાં લખ્યું છે એય કેવી મોટી વાત છે! પ્રસિદ્ધિથી દૂર રહેનારા આ સિદ્ધાંતનિષ્ઠ કવિએ ખૂબ સરસ નાટકો લખ્યાં છે. પદ્મશ્રી, કબીર સન્માન અને સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ મેળવી ચૂકેલા સિતાંશુભાઈએ 'નરસિંહ મહેતા ઍવૉર્ડ' નકારીને વિવાદ પણ સર્જ્યો હતો. આવા અનોખા મિજાજ અને આગવા અવાજના કવિને આવો મળીએ!



**મુખ્ય શોખ :** વાચન, અન્યભાષી–અન્ય પ્રકારનું વાંગ્મય પણ ગમે. પ્રશ્નોતરી–ઊલટતપાસ અને ચર્ચાઓમાં ભાગ લેવાનોય રસ. સંસ્કૃતિ અને પ્રકૃતિમાં પ્રવાસ કરવો ગમે. કારણ કે, આખી સંસ્કૃતિ જ એક પુસ્તક જેવી નથી લાગતી? કોઈ દૃશ્ય જોઉં એ પુસ્તક જેવું લાગે ને ઈથિયોપીયન ભોજન આરોગતાં પણ વાંચતા હોવાનો અનુભવ થાય.

**પ્રિય સાહિત્યિક કૃતિ :** કાન્તનું પૂર્વાલાપ, ભાસનું ઉરુભંગ–જેમાં ભીમ અને દુર્યોધન વચ્ચેના અંતિમ યુદ્ધનું આલેખન કર્યું છે. ઉપરાંત કાલિદાસનું વિક્રમોર્વશીયમ્, દાન્તેની ડિવાઈન કોમેડી અને ગેથે(ગટે)નું ફ્રોસ્ટ. ડિવાઈન કોમેડી પ્રેમનું અને ફ્રોસ્ટ જ્ઞાનનું કાવ્ય છે.

**પ્રિય લેખકો :** કાન્ત, ઉમાશંકર જોશી, લાભશંકર ઠાકર, યુ.આર.અનંતમૂર્તિ, હજારીપ્રસાદ દ્વિવેદી, સુનીલ ગંગોપાધ્યાય, બ્રેખ્ત (નાટકોમાં), યુરોપીયન નવલકથાકાર ઉમ્બેર્ટો ઈકો, સોલ બેલો અને મેજીક રિયાલિટી જેમનામાં જોવા મળે છે એ સાઉથ અમેરિકન લેખક યોસા પ્રિય છે. જોકે આ બધાનાં મૂળમાં તો ક્રાન્તિકારી વિચારક નિત્શે જ છે. સૌથી પ્રિય નિત્શે.

**પ્રિય કવિઓ :** ટી.એસ.એલિયેટ, વોલેસ સ્ટીવન્સ, પાબ્લો નેરુદા, યહૂદી કવિ એલન ગિલ્સબર્ગ–જેઓ ભારત આવે તો નાગાબાવાઓ સાથે રહેતા. બીટ જનરેશનના વિદ્રોહી કવિ હતા. ગુજરાતીમાં કાન્ત, ઉમાશંકર, લાભશંકર, ચિનુ મોદી ઉપરાંત નવા કવિઓ પણ આપણી પાસે ખૂબ સારા છે.

**પ્રિય સંગીત અને સંગીતકાર:** સંગીત બાબતે મારો કાન બહુ કેળવાયેલો નથી. છતાં સારું સંગીત ગમે. પંડિત ઓમકારનાથનો રાગ નિલાંબરી પ્રિય છે. નાટ્યસંગીત નિમેશ દેસાઈને કંઠે સાંભળવાનો લ્હાવો અનેરો.

અમર ભટ્ટની રચનાઓ પણ ગમે. આપણા સુગમ સંગીતમાં ઉત્તમ કવિતાઓ નથી આવતી. સંગીતકાર-ગાયક પુરુષોત્તમભાઈને હું ઘણી વાર મજાકમાં કહું કે તમે કૂબજાને કેમ પ્રેમ કરો છો? કમ્પોઝિશન ખૂબ સરસ હો. પણ કવિતા ઘણી વાર નબળી! કાં તો તમે શુદ્ધ શાસ્ત્રીય સંગીતમાં રહો, નહીં તો કવિતાને ઓળખો.

**મનગમતી ફિલ્મો :** રશિયાના સર્ગેઈ આઈઝન્સ્ટાઈન 'ટેન ડેઝ ધેટ શુક ધ વર્લ્ડ', 'બેટલશિપ પોન્ટેમ્કીન' ખૂબ ગમતી ફિલ્મો છે. બન્નેમાં ક્રાન્તિકારી આવેગો છે, વ્યાકરણ બહુ ચુસ્ત છે અને કલામાં ચોક્સાઈ છે. હિન્દીમાં શહીદ, ભવની ભવાઈ, મિર્ચમસાલા, માયા મેમસાબ જેવી કલાત્મક ફિલ્મો વધુ ગમે. માયા મેમસાબની સ્ક્રિપ્ટ મેં લખી હતી. જો કે નાટકો વધુ પ્રિય છે.

**કેવાં નાટકો?** સામે પૂરે તરીને ભજવાતાં, સબળ વિષય ધરાવતાં નાટકો પ્રિય છે. મેં રંગભૂમિ માટે ઘણાં નાટક લખ્યાં છે. 'વૈશાખી કોયલ' પ્રવીણ જોષીએ કર્યું હતું. 'કેમ મકનજી ક્યાં ચાલ્યાં' નિમેશ દવેએ કર્યું. અંગ્રેજી રૂપાંતર રૂપે લેડી લાલકુંવર મેં કર્યું જેના પરથી શત્રુઘ્ન સિંહા ફિલ્મ બનાવી રહ્યા છે. પૃથ્વી થિયેટર માટે જે લોકો નાટકો કરે છે એ ખરેખર સામા પૂરે તરનારા છે. એમને રંગ અવધૂતો કહી શકાય. બાકી, પ્રવીણ-સરિતા અને દામુ ઝવેરી-માલતી ઝવેરીએ નાટકોને એક એવાં સ્તર પર મૂકી આપ્યાં હતાં જેનો જોટો જડે એમ નથી. આઈએનટી જેવી સંસ્થા પુનર્જીવિત કરવાની જવાબદારી આપણા ગુજરાતીઓની છે.

**તમારે માટે સ્ટ્રેસ બસ્ટર શું?** લૉન્ગ વોક, શાંત જગ્યાએ એકલા ચાલવું.

**પ્રિય પ્રવાસસ્થળ :** પૅરિસ. વારંવાર જાઉં. પગે ચાલીને આખું પૅરિસ ઘુમ્યો છું. નાનાં-મોટાં થિયેટરો, લાઈબ્રેરી ત્યાંની કલાત્મકતા ખૂબ આકર્ષે. રશિયાનાં લેન્ડસ્કેપ બહુ સરસ. રશિયાની તાકાત, પૅરિસનું સૌંદર્ય અને કચ્છનું રણ પ્રિય છે. પણ આ બધાથી સવાયો હિમાલય, આલ્પ્સ પણ એની સામે વામણો લાગે.

**લોકો કઈ રીતે યાદ રાખે તે ગમે?**
**હું વાચકો માટે અનફ્રેન્ડલી રાઈટર છું. છતાં, કોઈની સાડીબારી ન રાખીને જાતે સમજવાનો પ્રયત્ન કરનાર વ્યક્તિ-લેખક તરીકે યાદ રાખે તે ગમે. હું માનું છું કે ગુરુ તારો તું જ થા!**

**મનગમતી સાંજ એટલે શું?** સરસ નાટક અથવા એકાંતમાં ફરવું. સહચરી સાથે બેસીને યોજનાઓ કરવી.

**કેવી જીવનસંગિની ગમે ?** સંગ એકબીજાને ઘડે છે. જ્યાં સુધી ઘડતર ચાલુ રહે ત્યાં સુધી મજા આવે. પતિ અને પત્નીએ સામી વ્યક્તિના ઘડતરમાં સામેલ થઈ જવું. મનપસંદ રીતે ઘડતરમાં મદદરૂપ થવું એ સાચો સંગ છે. આ સમજી શકે એવી જીવનસંગિની હોવી જોઈએ. 'યુ પ્રોડ્યુસ યોર વાઈફ', તમે જ તમારી પત્ની કે પતિને ઘડો છો, એવું હું માનું છું.

**તમારે માટે સૌથી મૂલ્યવાન શું છે?** મારી દીકરી વિપાશા. દીકરો આનંદ આપે પણ દીકરી માટે આનંદ ન્યોછાવર કરી દેવાનું મન થાય!

**ભાષામાં કલાસીઝમ અથવા અઘરા શબ્દપ્રયોગો કેટલે અંશે અનિવાર્ય? ભાષાનું સરલીકરણ જરૂરી લાગે છે?** ખોરાકમાં તમે પાચનશક્તિ ગુમાવો પછી પ્રવાહી પર જ રહેવું પડે. ભાષામાં સહેલું સ્વીકારીએ પછી એવી અશક્તિ આવી જાય જે પ્રજાને નિર્બળ બનાવે. ભાષાને મૃત્યુ તરફ લઈ જાય. જે પ્રજા અખાને યાદ રાખી શકે એ પ્રજાને અઘરું સમજાતું નથી એ કહેનાર પોતાની નિર્બળતાને ઢાંકે છે. ગુજરાતી ભાષાનો તરવૈયો ઊંડાં પાણીમાંથી મોતી લઈ આવે એવો છે. કહેનારામાં ઊંડાણ હોવું જરૂરી છે.

**તમે ગુજરાતી સાહિત્યના આમિરખાન છો? કોઈ પણ ક્ષેત્રે અપાતા ઍવૉર્ડ વિશે શું માનો છો?** (પહેલા પ્રશ્નનાં જવાબમાં ખડખડાટ હસે છે, પછી ઉમેરે છે) ઍવૉર્ડ સંસ્કૃતિ-સ્વાતંત્ર્યને પોષે છે કે શરણાગતિને એના આધારે ઍવૉર્ડ લેવાનું નક્કી કરું. મોટાભાગના પુરસ્કારો ગોઠવણી-ગણતરી કરીને અપાતા હોય છે. ઍવૉર્ડ માટે બે શબ્દો છે. પુરસ્કાર અને પારિતોષિક. પુરસ્કાર એટલે જે આગળ કરે તે અને પરિતોષ આપે એ પારિતોષિક. સાહિત્યનો પરિતોષ કોઈ કૃતિ આપતી હોય અને એ આનંદ પ્રજા લેતી હોય તો એવાં પારિતોષિકો આપવાં જોઈએ.

**ગુજરાતી ભાષાનાં સંવર્ધન માટે કોઈ સંદેશ ?** માતૃભાષા બોલનારને અને સાંભળનારને માટે અણનમ-ટટ્ટાર છતાં સ્થિતિસ્થાપક કરોડરજ્જુ બને એવો પ્રયત્ન થવો જોઈએ. સંસ્થાઓ સ્વાતંત્ર્યપોષક હોવી જોઈએ. એનું યોગ્ય જતન થવું જોઈએ.

**પુનર્જન્મ હોય તો શું બનવાનું પસંદ કરો ?** આ જન્મ કરતાં કંઈક જુદું. શેવાળ થઈ જાઉં તો કેવું ? અથવા દરિયાના અતલ ઊંડાણમાં જીવતું કોઈક પ્રાણી. આખી જુદી જ અનુભૂતિ-આપણે કલ્પી પણ ન હોય એવી. તરસ માત્ર જીવનની છે, પછી એ કોઈ પણ સ્વરૂપે હોય.



# કંઠમાં પ્રગટતું... ભાવમાં પરખાતું... દિલમાં પથરાતું...

# અવાજનું અજવાળું


**રમેશ પારેખનો શેર છે-**

'છે આકાશમાં છે, ને આંખોમાં પણ છે,
સૂરજ માટે ઊગવાનાં સ્થાનો ઘણાં છે.'

**આ જ શેરને 'અવાજનું અજવાળું' કાર્યક્રમના સંદર્ભમાં થોડો બદલીને લખી શકાય કે,**

'છે આકાશમાં છે, ને છે કંઠમાં પણ,
સૂરજ માટે ઊગવાનાં સ્થાનો ઘણાં છે.'

સમાસની દૃષ્ટિએ પણ જે સૂરમાં જન્મે છે તેને 'સૂરજ' કહી શકાય. અવાજનું અજવાળું કંઠમાંથી પ્રગટે છે. સાચા કલાકારનું–કવિનું અજવાળું પોતીકું હોય છે. અજવાળાની બાબતમાં કેટલાક કલાકારો કોડિયાં જેવા હોય છે. કેટલાક કલાકારો બલ્બ જેવા હોય છે. કોડિયું અને બલ્બ, બન્નેનું કાર્યક્ષેત્ર આમ તો પ્રકાશ સાથે જ સંકળાયેલું હોય છે પણ બન્નેનો વ્યવહાર જુદો હોય છે કોડિયું પ્રગટે છે અને અજવાળું પાથરે છે, બલ્બ સળગે છે અને પ્રકાશ ફેંકે છે. કોડિયાના પ્રગટવામાં




ઠાકોરભાઈ દેસાઈ હૉલ ખાતે 'અવાજનું અજવાળું' કાર્યક્રમને માણવા માટે ઉપસ્થિત રહેલા AMCO બૅંકના ચેરમેન ભાનુભાઈ.જી.પટેલને ગુજરાતી ગીત-સંગીતનો 'વારસો' ભેટ આપતાં શ્યામલ મુનશી.

શ્રદ્ધા છલકાય છે જ્યારે બલ્બના સળગવામાં અહંકાર દેખાય છે કોડિયું આંતરિક અંધકારને દૂર કરે છે અને એટલે જ એનું સ્થાન ઘરના આંગણામાં, તુલસીક્યારા પાસે અને મંદિરમાં હોય છે. બલ્બ માત્ર બાહ્ય અંધકારને ભગાડે છે એટલે એનું મહત્ત્વ મિજબાનીઓમાં, મંડપોમાં, સભાઓમાં જ હોય છે. કોડિયાની આસપાસ ગરમી નથી હોતી. કોડિયાં હાથમાં રાખી નૃત્ય કરી શકાય છે. બલ્બ જેટલો વધારે સળગે છે એમ એની ગરમી વધે છે અને પકડવો મુશ્કેલ બને છે. કોડિયું નિર્દોષ, નિખાલસ હોય છે. એને સ્ટેટસની જરૂર નથી હોતી. બલ્બની ઓળખાણ એ કેટલા વૉટનો છે તેના પર નભે છે. એના ઉપર ૪૦,૬૦,૧૦૦,૨૦૦ એવાં લેબલ લાગેલાં હોય છે અને એ પ્રમાણે એના ભાવ હોય છે.

કોડિયાંની જાહેરાતો નથી હોતી. બલ્બને વેચવા માટે જાહેરાતો કરવી પડે છે. કોડિયાને ફિકર નથી હોતી. એ પોતાના મનનું માલિક હોય છે. બલ્બ એ નેટવર્કનું પરિણામ હોય છે. એ વાયરો, વીજળી અને સ્વિચ ઉપર નિર્ભર હોય છે. કોડિયું પ્રગટાવતાં આનંદ થાય છે. બલ્બ સળગાવતાં વીજળીનું બિલ કેટલું આવશે તેવો વિચાર આવે છે. અને સૌથી મોટો ફરક તો એ છે કે કોડિયામાંથી બીજું કોડિયું પ્રગટાવી શકાય છે. એક બલ્બમાંથી બીજો બલ્બ સળગાવી શકાતો નથી.

'સ્વરસેતુ' કોડિયાના અજવાળામાં માને છે. આપણા બે મહત્ત્વના તહેવારોમાંથી એક મહત્ત્વની વાત સમજવા જેવી છે. હોળી પૂનમને દિવસે આવે છે. ત્યારે ચંદ્ર એમ માનતો હોય છે કે આકાશમાં માત્ર પોતે જ દેખાય. એનું જ અસ્તિત્વ હોય આને એટલે એ દિવસે હોળી સળગે છે બધા જ તારા નજરે ચડે છે એટલે તે દિવસે ધરતી પર ઘરેઘરે દીવા પ્રગટે છે.

**કોડિયું પ્રગટાવતા આનંદ થાય છે. બલ્બ સળગાવતા વીજળીનું બીલ કેટલું આવશે તેવો વિચાર આવે છે. અને સૌથી મોટો ફરક તો એ છે કે, કોડિયામાંથી બીજું કોડિયું પ્રગટાવી શકાય છે. એક બલ્બમાંથી બીજો બલ્બ સળગાવી શકાતો નથી. 'સ્વરસેતુ' કોડિયાના અજવાળામાં માને છે.**


અંકિત ત્રિવેદી



ઠાકોરભાઈ દેસાઈ હૉલ ખાતે 'સ્વરસેતુ'ના મંચ પર કુશલ ચોક્સી, કોષા પંડ્યા, બલરાજ શાસ્ત્રી, જિગીષા ખેરડિયા, હસમુખ બારોટ અને ડૉ. ફાલ્ગુની ડૉક્ટરે ગુજરાતી ગીત-સંગીતની રંગત જમાવી હતી.

# 'સ્વરસેતુ'ના મંચ પર પથરાયું અવાજનું અજવાળું

જુદા-જુદા વિષયવસ્તુ પર આધારિત (Theme Based) ગીત-સંગીતના નાવીન્યસભર કાર્યક્રમો રજૂ કરતી એકમાત્ર સંસ્થા 'સ્વરસેતુ' દ્વારા અમદાવાદ ખાતે 'અવાજનું અજવાળું' કાર્યક્રમ તારીખ ૧૦ અને ૧૧ મે ના રોજ યોજાયો હતો.

ઠાકોરભાઈ દેસાઈ હૉલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કુશલ ચોક્સી, કોષા પંડ્યા, બલરાજ શાસ્ત્રી, જિગીષા ખેરડિયા, હસમુખ બારોટ અને ડૉ. ફાલ્ગુની ડૉક્ટરે ગુજરાતી ગીતોની રંગત જમાવી હતી અને કાર્યક્રમનો આસ્વાદ જાણીતા કવિ અને સંચાલક અંકિત ત્રિવેદીએ કર્યું હતુ જ્યારે સંગીત સંચાલન પંકજ પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું. બન્ને દિવસ સ્વરસેતુના આ કાર્યક્રમમાં કંઠમાં પ્રગટતાં... ભાવમાં પરખાતાં... દિલમાં પથરાતાં... અવાજનાં અજવાળાથી ભાવકોને ભાવભીના બનાવ્યા હતાં.


કુશલ ચોક્સી


જિગીષા ખેરડિયા


હસમુખ બારોટ


બલરાજ શાસ્ત્રી


ડૉ. ફાલ્ગુની ડૉક્ટર


કોષા પંડ્યા


આજે સાંભળવાનો લ્હાવો...

ગુજરાતી સંસ્કૃતિની સુવાસ વિશ્વભરમાં પ્રસરેલી છે. તેના મૂળમાં આપણી કલાસંસ્થાઓ રહેલી છે. જે સતત આપણી અસ્મિતા અને સંસ્કૃતિને જાળવવાના પ્રયત્નો કરતી રહે છે. અહીં આપણે આવી જ કેટલીક સંસ્થાનો પરિચય કરીશું. જેમાં આ વખતે 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' સંસ્થાનો પરિચય મેળવીએ...

# સંગીત, સાહિત્ય અને સંસ્કારનો સંગમ : ગાંધીનગર કલ્ચરલ ફોરમ



ગુજરાતી સાહિત્ય પરિષદ પર્વ

'સમય લગભગ બે દાયકા પહેલાંનો હતો. નવાં સેક્ટરોમાં છૂટોછવાયો વસવાટ શરૂ થયો હતો. નગરની વસ્તી એકાદ લાખ કરતાં પણ ઓછી હતી. ચોમેર મોકળાશ હતી, લીલીછમ અનુભૂતિ હતી, આનંદપ્રમોદનાં સાધનો નહિવત્, ચોમેર શાંતિ અને નિરવતા. તે વખતે ગાંધીનગરનું સામાજિક જીવન એક ચોક્કસ પ્રકારની રૂઢિમાં રહેવા ટેવાયેલું હતું, મોટાભાગના સરનામામાં ક,ખ,ગ,ઘ,ચ,છ, જ જેવાં બારાક્ષરીના અક્ષરો આવતા જ, સારા કાર્યક્રમો જોવા–કલાકારોને માણવા અમદાવાદ સુધી લાંબું થવું પડતું. આવા સમયે વર્ષ ૧૯૯૫ના જાન્યુઆરી મહિનામાં નગરના પંદર–વીસ કલાપ્રેમીઓ એકઠા થયા. સઘન વિચારમંથનના પરિણામે ગાંધીનગરમાં જ કલા–સંસ્કૃતિની સંસ્થા સ્થાપવી અને તેના ઉપક્રમે નાટકો અને અન્ય કાર્યક્રમો યોજવા તેવો આ પ્રથમ બેઠકમાં વિચાર થયો. કાર્ય સરળ ન હતું, સમસ્યાઓ અપરંપાર હતી, સંસ્થાના સભ્યો બનાવવા, કાર્યક્રમોનું ચયન કરવું, કલાકારો આવે ત્યારે વ્યવસ્થાઓ કરવી, પાસ છપાવવા–વિતરણ કરવું, નાણાભંડોળનો અભાવ વગેરે વગેરે... આ બધાની વચ્ચે તા. ૪ મે, ૧૯૯૫ના રોજ ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ૨૫૯ સભ્યો સાથે વિધિવત્ પ્રારંભ થયો. આ શબ્દો છે 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'ના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના. શર્મન જોષી અભિનિત 'ઓલ ધ બેસ્ટ' નાટકનો પ્રયોગ આ સંસ્થાનો સૌપ્રથમ કાર્યક્રમ બન્યો. બસ, ત્યાર પછી તો ગુજરાતી તખ્તા પરના લગભગ તમામ ખ્યાતિપ્રાપ્ત નાટકો, ખ્યાતનામ નાટકના કલાકારો તથા દિગ્દર્શકોએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના રંગમંચ પર પોતાની કલાનું પ્રદર્શન કરીને પ્રેક્ષકોની પ્રશંસા મેળવેલ છે.

કૃષ્ણકાન્તભાઈ કહે છે કે, કેટલાંક નાટકો યાદ આવે છે. જેમ કે, 'ઓલ ધ બેસ્ટ' પછી બીજું નાટક 'ચક્રવર્તી', 'લાલી લીલા', 'બાએ મારી બાઉન્ડ્રી', 'ફ્લેટ નં. ૪૪૪', 'વેલકમ જિંદગી', 'ડીયર ફાધર', 'બા રિટાયર થાય છે', 'ચાણક્ય', 'કાનજી વિરુદ્ધ કાનજી', 'હસતાં રમતાં સાવ અચાનક', 'મુક્તિધામ', 'લગે રહો ગુજ્જુભાઈ', 'ચિત્કાર', 'અભિનય સમ્રાટ', 'એક સો બે નોટ આઉટ'... લાંબી યાદી બનતી જ જાય છે. આવાં અનેક ખ્યાતનામ નાટકો ભજવવા ઉપેન્દ્ર ત્રિવેદીથી માંડી પરેશ રાવલ અને દિશા વાંકાણી સુધીના તમામ કલાકારોએ અમારી રંગભૂમિ પર પ્રયોગો યોજેલ છે. નામ– સ્મરણ કરીને તો– પદ્મારાણી, ઉપેન્દ્ર ત્રિવેદી, શર્મન જોષી, સુજાતા મહેતા, સનત મહેતા, પરેશ રાવલ, કેતકી દવે, રસિક દવે, પ્રવિણ જોષી, સુરેશ રાજડા, ધર્મેશ જોષી, દિશા વાંકાણી, મનોજ જોષી, નિમેશ દેસાઈ...

આ રંગભૂમિની યાત્રા અવિરત છે. સંસ્થાના પ્રેક્ષકો નાટ્યકલા નિહાળવામાં એટલા પારવધા થઈ ગયા છે કે સ્ટેજ પરના કલાકારો પણ આવા પ્રેક્ષકસમૂહને માણે તેવો માહોલ બંધાય છે!!! એટલે જ કદાચ, તમામ કલાકારોને મોંએ એક સર્વસામાન્ય વાત સાંભળવા મળે છે – આવું ઑડિયન્સ અમને બીજે ક્યાંય નથી મળતું!

જેમ નાટકો કલ્ચરલ ફોરમના સભ્યો માણે છે તેમ જ સંગીત પણ અહીં ભાતભાતનું પીરસાય છેઃ પુરુષોત્તમ ઉપાધ્યાય, હંસાબહેન દવે, શ્યામલ–સૌમિલ મુનશી, પાર્થિવ ગોહિલ, દીપ્તિ દેસાઈ, સોલી–નિશા, નયન પંચોલી, અમર ભટ્ટ, કલ્યાણી કૌઠાળકર વગેરેએ શ્રેષ્ઠ



ગાંધીકથા


નાટક: 'કાનજી વિરુદ્ધ કાનજી'

ગુજરાતી સુગમ સંગીત રેલાવ્યું છે. તો કલ્ચરલ ફોરમના નવતર પ્રયોગ રૂપે કવિઓ તુષાર શુક્લ અને અંકિત ત્રિવેદીની સાથે રહીને ગુજરાતી કાવ્ય સંગીત પણ ખૂબ જ અસરકારક રીતે રજૂ થયેલ છે.

ગુજરાતી સંગીત ઉપરાંત હિન્દી ફિલ્મી ગીતોએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યોને મુંબઈ સ્થિત શ્રી હાન્ડાનો 'આવાઝ કી દુનિયાનો' હતો. તેની દ્વિપરિમાણીય રજૂઆતે સૌ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધેલા. હજુ પણ આ કાર્યક્રમ સ્મૃતિસંગ્રહમાં અકબંધ જ છે. સંસ્થાના સ્ટેજ પર ફિલ્મી ગીતોના સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર અલકા યાજ્ઞિક ગણી શકાય. તેમના સુમધુર કંઠે રજૂ કરેલ ગીતો તો આપણે સૌએ માણ્યાં. અલકા યાજ્ઞિક બાદ કવિતા કૃષ્ણમૂર્તિ અને પછી આ વર્ષે કૈલાશ ખેરના ફિલ્મી ગીતો સભ્યો એ માણ્યાં.

કૃષ્ણકાન્તભાઈ કહે છે કે, ગુજરાતી સુગમ, કાવ્ય અને હિન્દી ફિલ્મ સંગીત સાથે ફોરમે ગુજરાતી લોકસાહિત્ય પણ માણેલ છે. ભીખુદાન ગઢવી, હેમંત ચૌહાણ જેવા વિખ્યાત લોકસાહિત્યના કલાકારોએ ફોરમને ભીંજવી નાખ્યું છે. તે ઉપરાંત અત્યંત રસપ્રદ કાર્યક્રમોમાં હાસ્ય દરબારના કાર્યક્રમો આપણે ખૂબ પ્રયોજેલ છે. સુરીન્દર શર્મા, રાજુ શ્રીવાસ્તવ, શાહબુદ્દીન રાઠોડ, કિરીટ વ્યાસ, હરસુદાન ગઢવીથી માંડીને હાલમાં વિખ્યાત સાંઈરામ સુધીના તમામ કલાકારોએ પ્રેક્ષકોને પેટ પકડીને હસાવેલ છે. તેઓ કહે છે કે, સાંસ્કૃતિક કાર્યક્રમોની જ વાત ચાલે છે ત્યારે કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો યાદ આવે છે. જેમ કે, 'જાગો હિન્દુસ્તાની', 'દેશ મેરા રંગીલા', 'એબિલિટી અનલિમિટેડ', 'સથવારો રાધેશ્યામનો', 'કે. લાલના જાદુના પ્રયોગો', 'ચાણક્ય', મનહર ઉધાસની મહેફીલ–એ–ગઝલ, અનુપ જલોટાનાં ભજનો વગેરે... વર્ષ ૨૦૦૭માં કલ્ચરલ ફોરમે ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન યોજીને પોતાની ઓળખ વિસ્તૃત બનાવી. અધિવેશનમાં પૂજ્ય મોરારિબાપુ, નારાયણ દેસાઈ, ભોળાભાઈ પટેલ, ગુણવંત શાહ, કુમારપાળ દેસાઈથી માંડી ગુજરાતના લગભગ તમામ સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ અધિવેશનને પરિષદના ઈતિહાસનું સર્વશ્રેષ્ઠ અધિવેશન ગણી વધાવેલ. પરંતુ ગાંધીનગર કલ્ચરલ ફોરમે આ અધિવેશનથી પોતાના ધ્યેયમાં ઉમેરો કરેલ, હવે માત્ર સાંસ્કૃતિક અને કલાની સેવા જ નહિં, પરંતુ સાહિત્યની સેવાનું પણ

### ...અને એ મેણા ટોણામાંથી સર્જાયો આ વડલો

સંસ્થાના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા કહે છે કે, આજથી બરાબર ૧૮ વર્ષ પૂર્વે આરંભાયેલા ગાંધીનગર કલ્ચરલ ફોરમની સાંસ્કૃતિક યાત્રા પાંચહજારથી વધુ સભ્યો ધરાવતું વિશાળ પરિવાર બન્યું છે. સંસ્થાની સર્જનપ્રક્રિયા વિશે વાત કરતા તેઓ કહે છે કે, પ્રકૃતિ અને સંસ્કૃતિની ગોદમાં ઊછરી રહેલ પ્રિય નગર ગાંધીનગરને રાજકીય અને વહીવટી પરિમાણોના પડછાયામાં અટવાતું જોયું છે. પગાર–પેન્શન કે જીઆર અને સીઆરની વિચાર ગલીઓમાં અટવાતી આ નગરની જીવનશૈલી અનુભવી છે. ગાંધીનગર તો સરકારી નગર છે. એવા મેણા–ટોણા મારા કર્ણપટલે સહન કર્યા છે. ડલ સિટી... કંઈ એન્ટરટેઈનમેન્ટ નથી... આવા કઠોર શબ્દો આ નગરની દીવાલો પર પડઘાય છે... બસ બહુ થયું... શિક્ષિત સમાજ હોય... આગવી જીવનશૈલી હોય... સાંસ્કૃતિક સમજણ હોય.. તોય આ કડવા વચન સહન કરવાનું ગમે ખરું....?!? અને આ પ્રશ્નાર્થ અને આશ્ચર્ય ચિહ્ન દૂર કરવા સમવિચારધારા વાળા મિત્રો સાથે મળી. 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' સંસ્થા નિર્માણ કરવાનો વિચાર આવ્યો. કાળક્રમે એ વિચાર આચાર બન્યો... એ વિચાર વિકસવા માંડ્યો... અને આજે સૌના હૃદયમાં લાગણી બનીને, સંકલ્પ બનીને ગાંધીનગર કલ્ચરલ ફોરમરૂપી વડલો છે.

પરિમાણ ઉમેરાયું. પરિણામે, કવિસંમેલનો, વાંચન-શિબિરો, પુસ્તક-મેળા, સાહિત્ય પર્વ, તરતું પુસ્તક, સાહિત્યિક પ્રવચનો, સાહિત્યિક સ્પર્ધાઓ વર્ષ ૨૦૦૭ થી શરૂ થયેલ છે જે આજ દિન સુધી ખૂબ જ ભવ્યાતિભવ્ય ઊજવાય છે. અરે, સૌનો ઉત્સાહ એટલો હતો કે અધિવેશનના પ્રારંભે સાહિત્યયાત્રા પ્રસંગે હાથી-ઘોડા પર બેસાડીને સાહિત્યકારોને નગરના માર્ગો પર વિહાર કરાવેલો. કંઈક અંશે હેમચંદ્રાચાર્ય અને 'સિધ્ધહેમ'ની યાદ અપાવે.

સાહિત્ય પરિષદના અધિવેશન ઉપરાંત નારાયણભાઈ દેસાઈની 'ગાંધીકથા'ના આયોજનને કલ્ચરલ ફોરમ પોતાનું આહોભાગ્ય માને છે. આવા અનેકવિધ કાર્યક્રમોના આયોજનથી કંઈક અંશે પરિપક્વ બનેલ કલ્ચરલ ફોરમે પૂજ્ય મોરારિબાપુની 'રામકથા'નું આયોજન કર્યું. કથા તો કથાકાર વ્યાસપીઠ પરથી કરે પરંતુ લોકોના જીવનમાં કથાતત્ત્વ કેવી રીતે પ્રવેશે? આનાં ઉદાહરણો 'રામકથા' પૂર્વેના કાર્યક્રમોમાંથી પૂરા પાડી શકે. સુખડી-પત્રિકાવિતરણ, રામનામલેખન યજ્ઞ, કૅમ્પના હનુમાનજીની પદયાત્રા, ડભોડા હનુમાનજીના આશીર્વચન જેવા કાર્યક્રમોમાં નગરજનોએ પ્રચંડ પ્રતિસાદ આપેલ છે. આ તમામ ઘટના ગાંધીનગરના ઇતિહાસમાં પ્રથમ વાર બનેલ છે. 'રામકથા' ગુજરાત રાજ્યના ૫૦મા વર્ષે યોજાયેલ હોવાથી વિવિધ ક્ષેત્રના ૫૦ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત ગુજરાતીઓનું સન્માન પણ કરેલ છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને નવરાત્રી ઉત્સવ એકબીજાના પર્યાય બની ગયા છે. હવે તો આંતરરાષ્ટ્રીય સ્તરે નવરાત્રી વખાણાય, જોવાય, ગવાય છે. માનવામાં ન આવે ને? જુઓ વિશ્વમાં ફેલાયેલા ગાંધીનગરના દીકરા-દીકરીઓ અહીં આપણા મેદાનમાં પહેલી દાંડી પડે ત્યારે જે તે દેશમાં તેમના ઘરમાં કે હૉલમાં ઇન્ટરનેટ પર જીવંત પ્રસારણ કરે અને ત્યાં ગરબા શરૂ કરે. એટલે, ગરબા અહીં ગવાય અને ગરબા આખા વિશ્વમાં રમાય!!! આ જ તો વિશેષતા છે. આઠમની મહાઆરતીનું લગભગ ૧૫૦ દેશમાં જીવંત પ્રસારણ થાય છે. અને અહીં લગભગ વીસ હજારથી વધુ ભાવિકો ગરમા-ગરમ શીરાનો પ્રસાદ આરોગે છે... અરે, જે મમ્મી કે પપ્પાએ આપણા મેદાન પર શ્રેષ્ઠ ખેલૈયા તરીકે ઇનામ લીધેલ હોય તેઓનાં સંતાનો પણ શ્રેષ્ઠ ખેલૈયા તરીકે ઇનામ જીતે છે. આમ, કલ્ચરલ ફોરમે આખી પેઢીને ગરબા કરાવ્યા અને બીજી પેઢી પણ એ જ ઉત્સાહથી જોડાય છે.

**કેટકેટલાં વાવાઝોડાં, વળાંકો, વિડંબનાઓ, મુશ્કેલીઓનો સામનો કરીને, હર તબક્કે, હર પળે નવા પાઠ શીખીને કલ્ચરલ ફોરમ આજે આ પડાવ પર આવીને ઊભુ છે અને હજુ પણ શિક્ષણની પ્રક્રિયા તો ચાલુ જ છે! યાત્રાનો આરંભ કરેલ છે. થાક કે પાછું વળીને જોવાનું શું?**

સંપૂર્ણ સલામત અને પારંપારિક વાતાવરણ, સુવ્યવસ્થા, ઉચ્ચતમ ગરબા-ગાયકી, સુસંસ્કૃત શ્રોતાજન, આધ્યાત્મિક માહોલ... વધારે શું જોઈએ? અને હા, છેલ્લે-છેલ્લે ગાંધીનગર કલ્ચરલ ફોરમે ત્રણ નાટકોનું નિર્માણ કરેલ છે- 'વૃક્ષમાં બીજ તું'- સાહિત્ય પરિષદ નિમિત્તે, 'જય જય ગરવી ગુજરાત'નો અને 'દેશની દીવાદાંડી, મોહનદાસ કરમચંદ ગાંધી' ત્રણેય નાટકોનું દિગ્દર્શન પ્રકાશ લાલા અને સલિલ મહેતાએ કરેલ 'જય જય ગરવી ગુજરાત'ના તો કલાકારો પણ ગાંધીનગરના જ. એવા એક અનન્ય પ્રયોગ 'જાણતા રાજા' નાટકનો કરેલ. શિવાજી પર આધારિત આ નાટકનું આયોજન અમદાવાદમાં યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે કરેલ. અમદાવાદ આ મહાનાટક નિહાળવાની ઐતિહાસિક વ્યવસ્થા પણ ફોરમે જ કરેલી...

વાતચીતના અંતે કૃષ્ણકાન્તભાઈ કહે છે કે, જોતજોતામાં ૧૮-૧૮ વર્ષના વ્હાણાં વાઈ ગયાં અને ફરીથી ૧૯મા વર્ષે ગાંધીનગર કલ્ચરલ ફોરમનો 'ગ્રીષ્મોત્સવ' યોજાઈ ગયો. આ વર્ષ માટે ક્યાં ક્યાં નાટકો ઉપલબ્ધ છે તેની યાદી તૈયાર થવા લાગી છે, આ વર્ષની નવરાત્રીમાં આયોજનનો કયો નવો આયામ ઉમેરશું તેને લગતાં સૂચનો થવા લાગ્યા છે, આ વર્ષથી જ ફોરમના કુટુંબોને વધુ સઘન રીતે જોડવાના પ્રયાસ રૂપે 'ફોરમ' મૅગેઝીન શરૂ કરેલ છે. વગેરે... વગેરે... પરંતુ આ સઘળું રાતોરાત તો નથી જ થયું. તેમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના બોર્ડ ઓફ મેમ્બર્સના પ્રકાશ લાલા, જ્યોતીન્દ્ર વ્યાસ, એચ.કે. પટેલ, મહેન્દ્ર ગજ્જર, ડૉ. રાજેશ શાહ, હિરેન ભટ્ટ, ડૉ. પીયુષ દવેનો પણ એટલો જ સહકાર અને જહેમત રહ્યા છે. કેટકેટલાં વાવાઝોડા, વળાંકો, વિડંબનાઓ, મુશ્કેલીઓનો સામનો કરીને, હર તબક્કે, હર પળે નવા પાઠ શીખીને કલ્ચરલ ફોરમ આજે આ પડાવ પર આવીને ઊભું છે અને હજુ પણ શિક્ષણની પ્રક્રિયા તો ચાલુ જ છે! યાત્રાનો આરંભ કરેલ છે. થાક કે પાછું વળીને જોવાનું શું? આગળ ઘણાં પડાવો-યાત્રાસ્થાનો છે. આવો, સૌ સાથે મળીને યાત્રાનો આનંદ લઈએ...

# ઘરધણીના નામ સામે વાંધો!



તુષાર શુક્લ



'સ્વરસેતુ' સામયિકના આરંભ પૂર્વે આ વિચાર સાથે હું જોડાયેલો રહ્યો છું. આ સામયિક કોઈ એક ઊભરાનો આવિષ્કાર માત્ર નથી. એની પાછળ, આ ક્ષેત્રમાં કામ કરતાં કરતાં એની આવશ્યકતાઓને અમે ઓળખી છે, એ છે. અને કલાકાર તરીકેની અન્ય પ્રવૃત્તિઓ વચ્ચે આ પ્રકાશનકાર્યની જવાબદારી ઉપાડવાનો પડકાર સામાન્ય વાત નથી એ અમે સ્વાનુભવે સમજ્યા પણ છીએ. ને છતાં આનંદ એ વાતનો પણ છે કે 'સ્વરસેતુ' અમે જેમ કલ્પ્યું હતું એવા નયનરમ્ય રૂપમાં આપના હાથમાં છે! એ બાબતે અમે સમાધાન કર્યું નથી.

ગુજરાતી ભાષામાં પ્રગટ થતા લોકપ્રિય સામયિકોનાં વેચાણમાં થયેલા ઘટાડા અને સ્વરૂપમાં થયેલા સમાધાનથી સુજ્ઞ વાચકો અજાણ નથી. ઉત્સાહથી શરૂ થયા પછી અનિયમિત બનતાં કે બંધ થતાં પ્રકાશનોની સંખ્યા પણ ઘણી છે. આમાં ક્યાંય સજ્જતાનો પ્રશ્ન નથી નડ્યો. પરંતુ, વાચનપ્રીતિમાં આવેલી ઓટ જ વધુ જવાબદાર રહી છે અને પ્રકાશનકાર્યમાં વધતી જતી મોંઘવારીની અસર પણ વરતાય છે. આવા સમય-સંજોગમાં 'સ્વરસેતુ' શરૂ કરવું, અમારી કલ્પના મુજબનું આકર્ષક રૂપ સાચવવું એ કામ સામા વ્હેણે તરવાનું હતું. પણ, એ થયું, થઈ શક્યું એનો ય આનંદ છે.

ગુજરાતી ડાયજેસ્ટનું સ્વરૂપ, વિવિધ રસત્રુચિના વાચકોને રાજી કરનારું રહ્યું છે. ક્યાંક એમાં ઉપરછલ્લાં રસચાટુડાં તો ક્યાંક ગહન રસાનુભૂતિનું લક્ષ રખાયું. બંનેને પોતાના વાચકો મળ્યા પણ, બંનેને ચલાવવા મુશ્કેલ સાબિત થઈ રહ્યાં છે. આવા વાતાવરણમાં, આવા જ પ્રકારનું એક વધુ સામયિક બની રહેવામાં કોઈ વિશેષતા નહોતી. અને અમારી સામેય લક્ષ તો સ્પષ્ટ જ હતું.

ગુજરાતી ભાષાનાં અખબારો અને સામયિકોમાં ગુજરાતી સુગમસંગીત કલાપ્રવૃતિ કે કલાકારો સંદર્ભે ક્યાંય કશું જ લખાતું નહોતું. ક્યારેક નબળી હાસ્યવૃત્તિના ભાગ રૂપે થતાં છમકલાં આ પ્રવૃત્તિને અન્યાય અને નુકસાનકર્તાય સાબિત થતા. સુગમસંગીત વિશેની કોઈ જ સમજણ ન ધરાવનારાઓની સામે આ વિષયના જાણકાર અને આ ક્ષેત્રને પોતાની પ્રતિભાથી સમૃદ્ધ કરનાર કલાકારો પોતાની બાજુ મૂકવાની કોઈ તક કે સ્થાન પણ નહોતું. પરિણામે આ કલાપ્રકારનું ગૌરવભર્યું ચિત્ર ઊપસવામાં ઘણાં વિઘ્નો આવ્યાં. એના વિશે અભ્યાસપૂર્ણ લેખન-પ્રકાશન ઓછાં થયાં અને એથીય ઓછા વાચકો સુધી પહોંચ્યા. એક આખેઆખી કલાપ્રવૃત્તિની ઉપેક્ષા થઈ.

સુગમસંગીતમાં ગીત-ગઝલ સ્વરબદ્ધ થઈને ગવાય. સ્વરબદ્ધ થવા માટે જરૂરી ગીત-ગઝલ માટે સાહિત્ય તરફ જવું પડે. અર્થાત્ અહીં સાહિત્ય પ્રદાન અને સંગીત ગૌણ એવું ઉતાવળિયું સમીકરણ મુકાયું. જ્યાં ક્યાંક સંગીતની જરૂરિયાત પ્રમાણે શબ્દ આલેખાયા ત્યાં કાવ્યતત્ત્વની ગેરહાજરીનો મુદ્દો ઉઠાવાયો આમ, એક પણ

બાજુએથી સંગીતના સ્વરાંકનની સૂઝ અને સ્વરકારની સજ્જતાનો મહિમા ન થયો. આવા સંજોગોમાં આ કલાપ્રવૃત્તિને અન્યાય થતો રહ્યો. પણ એના વિશે ક્યાંય વાત ન થઈ.

આ મુદ્દે ચર્ચા અને દલીલોનાં મૂળ બહુ ઊંડાં છે. નરસિંહરાવ દીવેટીઆ અને બળવંતરાય ઠાકોરનાં અભિગમ અંગે સાહિત્ય વિવેચનામાં વિગતે નોંધ મળે છે. કવિતા સ્વરબદ્ધ થઈને ગવાય તે યોગ્ય કે અયોગ્ય, આવકાર્ય કે નિવાર્ય જેવા મુદ્દા એમાં આવી જાય. કવિતાનું ગેય હોવું જરૂરી અને ગેયતા કાવ્યતત્ત્વની દુશ્મન જેવા મુદ્દા પણ ચર્ચાયા. પણ, સરવાળે સુગમસંગીતની આ પ્રવૃત્તિ પણ એક સંપૂર્ણ સ્વતંત્ર કલાપ્રવૃત્તિ છે એનો સ્વીકાર લંબાતો ગયો. સ્વરને શબ્દનો ઓશિયાળો માનનારાએ શબ્દને પાંખ આપતા સ્વરને અર્થનું આકાશ ઉઘાડવામાં ઉપકારક થતો ન જોયો.

આવા વાતાવરણમાં, આ ઉપેક્ષિત કલાપ્રવૃત્તિ વિશે ઘણાં વર્ષો પૂર્વે જ વાત થવી જોઈતી હતી. પણ મુખ્ય ધારાના સામયિકો કાં તો સાહિત્યિક હતાં અથવા તો જનમનોરંજનના સાધારણ સ્તરના હતા, એમાં એની ચર્ચાનો અવકાશ નહોતો. સુગમસંગીતના એ આરંભકાળમાં એની ઓળખનાય પ્રશ્નો હતા. પરંતુ આકાશવાણીના આગમન સાથે આ કલાપ્રકારને વેગ મળ્યો અને કલાકારોને ઓળખ. તે પછી ય આ કલાપ્રકાર વિશે નોંધ લેવાતી નહોતી. નગરોમાં ચાલતી સુગમસંગીત પ્રવૃત્તિ વિશે નગરનાં અખબારોએ સદંતર ઉદાસીનતા સેવી. પરિણામે, એના પ્રચાર-પ્રસાર પર અસર પડી અને કલાકારોની પ્રસિદ્ધિ પણ મર્યાદિત રહી. નવા નવા પ્રયોગો કરીને ગુજરાતી કાવ્યસાહિત્યના, બદલાતા વ્હેંણને ભાવકો સમક્ષ લઈ આવનારા પ્રતિભાસંપન્ન કલાકારોને ઓળખનારો વર્ગ સીમિત રહ્યો.

ગુજરાતી સુગમસંગીતની કલાપ્રકાર અને કલાપ્રવૃત્તિ સંદર્ભે નોંધ લે તેવા સામયિકની તાતી જરૂરિયાત સહુએ અનુભવી તો હતી. પણ એ માટે કોઈ કલાકારો આગળ ન આવ્યા. એમને માટે આ કામ મુશ્કેલ પણ હતું. સૌને પ્રચાર-પ્રસારની જરૂરિયાત સ્વીકાર તો હતો જ, પણ આ માર્ગે ચાલવા માટેની સજ્જતાનો અભાવ પણ હતો. આકાશવાણીની ઘટતી લોકપ્રિયતા અને સ્થાનિક F.M. ચૅનલો પર ગુજરાતી ગીતોને અન્યાય સાથે તો આ પ્રશ્ન ઓર અગત્યનો બન્યો. ગીતોનાં ધ્વનિમુદ્રણ ખર્ચાળ તો હતા જ, વળી એના વેચાણનો પ્રશ્ન પેચીદો હતો, એમાં નવી ટૅક્નોલોજીએ મફતમાં જ સાંભળવાની અનુકૂળતા વધારી દીધી! હવે તો ગુજરાતી સુગમસંગીતના અસ્તિત્વ સામે જ પડકાર ઊભો થયો અને એમાં ઉમેરાઈ છે ગુજરાતી શિક્ષણ તરફથી જ ઘોર ઉદાસીનતા!

**કલાકાર તરીકેની અન્ય પ્રવૃત્તિઓ વચ્ચે આ પ્રકાશન કાર્યની જવાબદારી ઉપાડવાનો પડકાર સામાન્ય વાત નથી એ અમે સ્વાનુભવે સમજ્યા પણ છીએ. ને છતાં આનંદ એ વાતનો પણ છે કે 'સ્વરસેતુ' અમે જેમ કલ્પ્યુ હતું એવા નયનરમ્ય રૂપમાં આપના હાથમાં છે! એ બાબતે અમે સમાધાન કર્યું નથી.**

સૌમિલ-શ્યામલ સંગાથે અમે આ પ્રશ્નોનો સામનો કર્યો છે. એનાં કડવાં ફળ પણ ચાખ્યાં છે. ગુજરાતી ગીત જ ગાવાનો આગ્રહ ભૂલ ભરેલો લાગે એવાં આ વાતાવરણમાં અનેક પ્રતિભાસંપન્ન કલાકારોએ સમાધાન કર્યાં. અન્ય માર્ગે રોજી રોટી રળવાનું રાખ્યું. અને આ પડકારો વચ્ચે ય ઝઝૂમતાં રહ્યા અને એમાંથી જે કારણ-તારણ અને નિવારણ સાંપડ્યાં એના પર યથાશક્તિ અમલ કરવાનું રાખ્યું.

આવા સમયે અમે પ્રચાર-પ્રસારનો મહિમા સમજી-સ્વીકારી ચૂક્યા હતા. બજારમાં માંગ-પુરવઠાના નિયમનેય ઓળખી શક્યા હતા. નિજાનંદી સંપ્રદાયની વાત અલગ છે, જે કલાકારો માટે આ જીવનનિર્વાહ હતો એમની સામેના પ્રશ્નો-પડકારો જૂદા હતા. વળી, ગુજરાતી સુગમસંગીત જનસાધારણ સુધી પહોંચાડીને સ્વ.અવિનાશ વ્યાસ-ગોરાંગ વ્યાસે જે સફળતા સિદ્ધ કરી બતાવી હતી અને વર્તમાન સમયમાં મનહર ઉધાસ જે કરી રહ્યા છે, એણે એક વાત તો સાબિત કરી જ દીધી કે આ કલાપ્રવૃત્તિ પણ જનસાધારણની દાદ મેળવી શકે છે. અને જનતાનો સ્વીકાર કલા અને કલાકારને પગભર કરી શકે છે. અધિકારી ભાવક માટે મર્યાદિત કાવ્યસંગીત જ ઉચ્ચ ધોરણ ધરાવે અને જનસમૂહને મુગ્ધ કરનાર સુગમસંગીતનું સ્તર નિમ્ન જ હોય એવી ગેરસમજ એના ધરાવનારને મુબારક!

પણ, ગુજરાત સુગમસંગીતની કલાપ્રવૃત્તિ અને કલાકાર વિશે વાત થાય, પ્રચાર-પ્રસાર થાય એવી અનિવાર્યતા સ્વાનુભવે સમજાયા પછી અને આ કામ કોઈ અન્ય કરવાનું પસંદ કરે. એની વાટ જોવામાં સમય ન વેડફતા, અમે જ આગળ વધીને આ

પડકાર ઝીલ્યો અને 'સ્વરસેતુ'નો આરંભ કર્યો. પ્રકાશન કલા અમારું કાર્યક્ષેત્ર નહોતું, પણ મિત્રોનો સાથ મળ્યો, થોડોક સંઘર્ષ પણ વધ્યો પણ કામ શરૂ થયું. કાર્યક્રમની ચર્ચા કરનારા અને સામયિકના વિષયવસ્તુ પર ચર્ચાતા થયા. જાહેરખબર મેળવવાના પ્રયત્નમાંય લાગ્યા જેટલી વાતો થાય, જેટલાં વચનો મળે એ બધા જ કૈં સાકાર ન થાય એ અમે સ્વીકારી લીધું પણ પ્રયત્ન ચાલુ રાખ્યા.

ગુજરાતી સુગમ સંગીત ઉપરાંતની ઉપેક્ષિત લલિતકલાઓ અંગે આ સામયિકમાં વાત થાય એવુંય અમને ગમ્યું. પરિણામે એના તજજ્ઞો ઉમેરાયા. શાસ્ત્રીય અને લોકકલાઓના વિશેષજ્ઞોનેય અહીં મંચ મળ્યો. સમાચારોના સમાવેશથી અમે વિવિધ ક્ષેત્રમાં ચાલતી પ્રવૃત્તિ અને કલાકારોનેય આવરી લીધા. અલબત્ત અમારી પાસે ગામેગામ 'અમારા ખબરપત્રી' નથી. એટલે જે વિગતો આવે એનો સમાવેશ થઈ શકે છે. અલબત્ત અમારી જાણમાં હોય ત્યાં અમેય સામેથી સંપર્ક કરીએ છીએ.

'સ્વરસેતુ' દ્વારા આયોજિત કાર્યક્રમોના રંગમંચ ઉપર અનેક કલાકારોએ પોતાના કૌશલ્યનાં કામણ પાથર્યાં છે. કાર્યક્રમ સંકલનકારો અને સંગત કરનારા વાદ્યકારોનુંય વૈવિધ્ય રહ્યું છે. એ જ રીતે 'સ્વરસેતુ' સામયિકમાં પણ અનેક કલાકારો, કલાક્ષેત્રો અને કલાપ્રવત્તિઓને આવરી લેવાય છે.

'સ્વરસેતુ'નો આરંભ અમારી કલાપ્રવૃત્તિમાંથી થયો છે. એ અમારું મુખપત્ર છે. એમાં સૌની સાથે અમારી વાત પણ હોય! સામા વ્હેણે તરતી વેળાએ અનુકૂળ થનારાને પ્રતિકૂળતા વધારનારા અમને મળતાં જ રહ્યાં છે. અને એમના સાભારી છીએ કે એમણે અમને વધુ સજ્જ થવામાં સહાયતા કરી અમને એનો રંજ નથી. પણ તૈયાર ભાણે બેસવા કે પારકે ભાણે પહોળા થવા ઉતાવળા થનારાને કહેવાનું મન તો થાય જ કે, આવો... પધારો...ભરપેટ જમો પણ મકાનમાલિકની નેઈમ પ્લેઈટ બદલવાનો આગ્રહ રાખો એ જરા વધુ પડતું નહિ?






▲ વિવેક દેસાઈ

# ફોટોગ્રાફરે ખેંચેલી તસવીરનાં પાત્રો જ્યારે ખરેખર તસવીર બની જાય ત્યારે સાલું લાગી આવે છે...

વિવેક દેસાઈ કહે છે કે, 'બનારસ' મારી ફોટોગ્રાફીની સમજણ આવ્યા પછીનો પહેલો પ્રેમ છે. આ નગરના ઘણા પ્રસંગો ઘોડિયાની જેમ હૃદયમાં ઝૂલ્યા કરે છે. ફોટોગ્રાફીની આ જ મજા છે. ક્ષણ સાથે ક્ષણ રમત રમી જાય છે... ને તમે બસ બે ક્ષણની વચ્ચોવચ ઊભા રહીને ફરીથી કરતાં રહો છો 'ક્લિક'... વિવેકભાઈ ફરી આજે આપણને બનારસની ગલીઓમાં લઈ જઈને બે યાદગાર પ્રસંગોને આપણી સમક્ષ જીવંત કરે છે.



૩૧ વર્ષ પછી ઉસ્તાદ બિસમિલ્લાહ ખાન કાશ્મીરમાં પ્રોગ્રામ આપવા જઈ રહ્યા હતા ત્યારે તેમના ઘરમાંથી તેમને પેડલ રીક્ષામાં બેસાડ્યા ને આખી ગલી મેં દોડતા-દોડતા એમના ફોટા ક્લિક કર્યા...

માતાના ગર્ભમાંથી બાળક બહાર આવે ને દુન્યવી પ્રકાશનો પહેલો અનુભવ કરવા આંખો ખોલે એ માટે ડૉક્ટર તાળી પાડીને એને ઝબકાવે ને બાળક હળવેકથી આંખ ઉઘાડે ત્યારે કુદરત દ્વારા પહેલો પોર્ટ્રેઈટ ખેંચાય છે... કુદરતની આ 'ક્લિક' કેટલી અદ્ભુત છે નહીં!

એક ફોટોગ્રાફર જગતને એક નાનકડા વ્યૂફાઇન્ડરમાંથી જોઇને આંગળીની મદદથી ક્લિક કરે ત્યારે એની અંદર ચાલતી ઝણઝણાટી, ગડમથલ કે સંવેદનશીલતાનું માપ કાઢી શકે એવું કોઈ યંત્ર હજુ સુધી ન બન્યું છે કે ન બનશે. એક આંખ વ્યૂફાઇન્ડરમાંથી દુનિયા જુએ ને બીજી આંખ હૃદયમાં પડેલી જુદા જુદા પ્રકારની લાગણીઓને ઢંઢોળે ને એમાંથી જે જ્વાળામુખી ફાટે એ જ તમને જીવનભર ઠંડક આપ્યા કરે... ક્લિક કરાવ્યા કરે ને જિવાડ્યા કરે.. ક્યારેક હસાવે તો ક્યારેક રડાવે...

મારી વાત કરું તો મને ફોટોગ્રાફીએ જીવતાં શીખવ્યું છે. લોકોનાં સુખદુઃખ જોતાં નહીં પણ અનુભવતાં શીખવ્યું છે. સત્તર વર્ષની કારર્કિદી બાદ આજે પણ સવારનો સૂરજ જાણે આજથી જ કારર્કિદી શરૂ કરવાનો સાદ પાડે છે. જનજીવનની ફોટોગ્રાફી મારો વિષય હોવાના કારણે નાનામાં નાના માણસ સાથે હું મસ્તી કરતાં શીખ્યો. ગાંડીઘેલી વિખરાયેલા વાળવાળી ભિખારણને કપાળે ચુંબન કરીને એને ચા પાઇને જાણે દીકરીના લગ્નમાં જાનને જમાડી હોય તેવો સંતોષ અનેક વાર લીધો ને પીધો... પ્રેમ, કંકાસ, અભિમાન, દંભ, લાંચરુશવત- આ બધા શબ્દોનું જિંદગીભર 'ગૉસિપ' કરી શકાય એવું દસ્તાવેજીકરણ નાનકડી હાર્ડડિસ્કમાં ઠાંસીઠાંસીને ભર્યું પડ્યું છે. રોજ રોજ એમાં કંઈ ને કંઈ ઉમેરાતું જાય છે. આ બધાની વચ્ચે

**'બનારસ' ઘરાનાને- ભારતીય શાસ્ત્રીય સંગીતને દુનિયાના છેડા સુધી લઈ જઈને ગજવ્યું છે. જો કે આમાંના મોટા ભાગના કારકિર્દીને વેગ આપવા યુવાન અવસ્થામાં જ બનારસ છોડી ગયેલા. સિવાય કે બિસમિલ્લાહખાન ને પંડિત કિશન મહારાજ. આ બંનેની ફોટોગ્રાફી કરવાની મને તક મળી એ મારા જીવનની ધન્ય ક્ષણો હતી.**

રહીને હું મારી જાતને દૂર ખસેડી બધું ચુપચાપ જોઈ શકું એવી 'થર્ડ અમ્પાયરગીરી' કરવાની મને મજા પડે છે. બે-ચાર રસપ્રદ કિસ્સાઓ મારી પૂર્વભૂમિકાને સાર્થક કરી દેખાડશે એવું માનવું છે.

'બનારસ', 'કચ્છ', 'સાધુબાવાઓ' આ ત્રણ વિષયો મારા હૃદયની અંદર વસી ગયેલા છે. 'કચ્છ' મારી પહેલી નજરનો પ્રેમ છે... ને બનારસ મારી સમજણ આવ્યા પછીનું 'અફેર'... ને સાધુબાવાઓ મારાં સંતાનો... આ ઉપરાંત ફોકસ - 'આઉટફોકસ'ની વચ્ચે ઘણાં વિષયો- ઘટનાઓનો મનગમતો ઝમેલો આસપાસ વીંટળાયેલો જ છે. હા, શંકર ભગવાનનાં નાગની જેમ જ. એ જાણીતા અખબારમાં ચાર વર્ષની ફોટો એડિટર તરીકેની નોકરી દરમિયાન કુદરતી આફતો, આપઘાતો, તોફાનો વગેરે 'ક્લિક' કરતાં કરતાં ને ઍડિટરોની અણઆવડતોને રોજરોજ જોઈને થાકેલી આંખે ને ખતમ થઈ ગયેલી સંવેદનશીલતાને પાછી લાવતાં જે થોડા મહિનાઓનો સમય લાગ્યો એ બાદ કરતાં બાકીની કારર્કિદી એકદમ તનમનથી મજબૂત રહી છે, ને એ અસંતોષનો ય સંતોષ છે. ફરિયાદ નહીં...

ફોટોગ્રાફીની શરૂઆતથી જ કૅમેરા ગળે લઈને ફરવાનું વળગણ હતું. ને એમાંથી જ મારી પ્રથમ કૉફી-ટેબલ "Ahmedabad City of Paradoxes' નો જન્મ થયો. ફોટોગ્રાફી મારો રોમાન્સ છે. જ્યારે તમે રોમાન્સને સાથે રાખીને ફરો તો જીવન ભર્યું ભર્યું જ લાગે એ રીતે કૅમેરા ગળામાં ન હોય તો ખાલીખાલી લાગે એવો અહેસાસ તમને ફોટોગ્રાફીમાં ચહેરાઓને વાંચવાની યા સમજવાની સમજણ કેળવાયા પછી જે ફોટા પડે તે કંઈક જુદી જ સુંદરતા ને વાસ્તવિકતા ઊભી કરે છે. ને નિજાનંદને પામવાની અનુભૂતિ થાય છે.


'બનારસ' મારી ફોટોગ્રાફીની સમજણ આવ્યા પછીનો પહેલો પ્રેમ છે. શિવનગરીની ચર્ચામાં ન પડતાં આ નગરને 'ક્લિક' કરતાં પહેલાં કેટલીક વાત વાગોળું. હિન્દુસ્તાની ક્લાસિકલ સંગીતની ધરોહર સમું શહેર એટલે બનારસ પંડિત બિસમિલ્લાહ ખાન, ગિરિજાદેવી, બિરજુ મહારાજ, પંડિત રવિશંકર, પંડિત બલવંત ભટ્ટ, રાજન-સાજન મિશ્રા ને બીજાં કેટલાં નામ...! એક નાનકડો વિસ્તાર 'કબીર ચૌરા...' ને ત્યાંથી નીકળેલા આ તમામ સંગીતકારોએ 'બનારસ' ઘરાનાને- ભારતીય શાસ્ત્રીય સંગીતને દુનિયાના છેડા સુધી લઈ જઈને ગજવ્યું છે. જોકે આમાંના મોટા ભાગના કારકિર્દીને વેગ આપવા યુવાન અવસ્થામાં જ બનારસ છોડી ગયેલા. સિવાય કે બિસમિલ્લાહખાન ને પંડિત કિશન મહારાજ. આ બંનેની ફોટોગ્રાફી કરવાની મને તક મળી એ મારા જીવનની ધન્ય ક્ષણો હતી.

# 'લે ફોટો લે લે...'



છેલ્લે ગાડીમાં બેસતાં પહેલાં દરવાજા પાસે મને જોઈને ટેકો દઈને ઊભા રહીને બોલ્યા... ઉસ્તાદ બિસમિલ્લાહ ખાન

અનેક પ્રયત્નો બાદ પંડિત બિસમિલ્લાહ ખાનની ફોટોગ્રાફી કરવાની તક અચાનક જ મળી ગઈ. હું વારંવાર એમના ઘરે જતો ને અપમાનિત થઈ પાછો આવતો. એક વખત પાછો ગયો ત્યારે એમના ભત્રીજા સેક્રેટરી જાવેદ કોઈક સાથે ફોન પર સંવાદ કરી રહ્યા હતા. 'કલ હમ દો બજે ઍરપોર્ટ પહોંચ જાયેંગે...' ફોટોગ્રાફીમાં સાંભળવાનું સુખ કેટલું કીમતી હોય એનો મને આ પહેલી વાર અહેસાસ થયો. મારે એમને એમના રૂમમાં 'ક્લિક' કરવા જ ન હતા... મને ફરીથી કહ્યું, 'તુમ મત આયા કરો, વો કિસીસે નહીં મીલતે'... મેં કહ્યું કાલે તમે ક્યાં જવાના છો? એણે કહ્યું '૩૧ સાલ બાદ કાશ્મીર મેં વો બજાને જા રહે હૈં... મેં કહ્યું કે 'હું એ જતા હોય એ વખતે ઘરની બહાર ઊભો રહી ફોટા પાડી શકું ? 'એણે કહ્યું, 'હા તુમ ઘરકે બહાર ખડે રહેના'... બસ... બીજે દિવસે હું પહોંચ્યો... સાંકડી ગલીમાં ગાડી જાય નહીં એટલે એમને પેડલ રિક્ષામાં બેસાડી ગલી પાર કરાવવાની હતી. પ્રથમ માળે આવેલા એમના રૂમમાંથી એમને બે જણા પકડીને લાવ્યા... હું બહારથી નજર ચૂકવીને અંદર રૂમમાં પહોંચી ગયેલો... ગળામાં કૅમેરા જોઈને ભડક્યા ને ગંદી ગાળો શરૂ કરી. મેં કૅમેરા ઊંચો કર્યો ને 'ક્લિક' કરી.. કોઈએ વિરોધ ન કર્યો. એ કંઈક બબડતા હતા. એમને પેડલ રિક્ષામાં બેસાડ્યા ને આખી ગલી મેં દોડતા-દોડતા એમના ફોટા ક્લિક કર્યા... છેલ્લે ગાડીમાં બેસતાં પહેલાં દરવાજા પાસે મને જોઈને ટેકો દઈને ઊભા રહીને ગંદી ગાળ આપીને બોલ્યા 'લે ફોટા લે લે'... ને મેં છેલ્લે એમનો પોર્ટ્રેટ પણ પાડી લીધો. ગાળોને પણ સન્માન આપીને એ વિદાય થયા ત્યાં સુધી હું જોઈ રહ્યો. મારી આંખમાં એક ખજાનો લૂંટી લીધા પછીના આનંદના આંસુ હતાં... ને એ આનંદના આંસુ હજુ તો કો'ક સાથે વહેંચુ ત્યાં ૧૦ દિવસમાં મારા મિત્રનો બનારસથી ફોન આવ્યો... 'બિસમિલ્લાહખાન નહીં રહે'... ને મારી આંખમાંથી આંસુ સરી પડ્યાં...


બે દિવસ પછી પંડિત કિશન મહારાજને ફરી ફોન કર્યો. તેમના શિષ્યના કહ્યા પ્રમાણે ગુલાબજાંબુ લઇને પહોંચ્યો... ફરીથી નમસ્કાર કર્યા. માફી માંગી ને એ હસી પડ્યા.. એમના સુંદર પોટ્રેટ અડધો કલાક સુધી 'ક્લિક' કર્યા.

# 'ખાલી હાથ આયે હો? તુમ્હે ઈતની ભી તમીઝ નહીં કિ ગુરુ કો મિલને જાતે વક્ત કુછ લે કે જાના ચાહિયે...

ઉસ્તાદ બિસમિલ્લાહખાન જેવો જ દુઃખનો બીજો કિસ્સો પંડિત કિશન મહારાજનો થયો. મેં ફોન કરીને સમય લીધો. એમના રિયાઝ રૂમમાં એમના કોઈ શિષ્યએ ઈશારાથી બેસવા કહ્યું. થોડી વારમાં પંડિતજી આવ્યા ને મને કહ્યું 'ખાલી હાથ આયે હો? તુમ્હે ઈતની ભી તમીઝ નહીં કિ ગુરુ કો મિલને જાતે વક્ત કુછ લે કે જાના ચાહિયે... મેં કહ્યું 'હું આપનો શિષ્ય નથી'. એ ગરમ થયા ને મને કહ્યું, Get Lost "તુમ ફોટોગ્રાફરો કા કામ હી હૈ શરીફ લોગો કો બદનામ કરના... વગેરે વગેરે...' હું બહાર નીકળતાં લગભગ રડી પડેલો. પેલો શિષ્ય તરત બહાર આવ્યો ને મને કહ્યું 'સુનો... યહાં ખાલી હાથ નહીં આતે ભૈયા, ઉનકો બાહર કી હલવાઈ કી દુકાન કે ગુલાબજાંબુન બહુત પસંદ હૈ, તુમ વો લે કે આના. ફિરસે ફોન કરના વો મના નહીં કરેંગે...' બે દિવસ પછી ફરી ફોન કર્યો. ને શિષ્યના કહ્યાં પ્રમાણે ગુલાબજાંબુ લઈને પહોંચ્યો... ફરીથી નમસ્કાર કર્યા. માફી માંગી ને એ હસી પડ્યા.. એમના સુંદર પોટ્રેટ અડધો કલાક સુધી 'ક્લિક' કર્યા. હરખાતો-હરખાતો હોટલ પર પહોંચ્યો. બીજા દિવસે જ અમદાવાદ આવવા નીકળવાનું હતું. અમદાવાદ આવ્યા બાદ આઠમા દિવસે મારા મિત્રનો ફોન આવ્યો કે 'કિશન મહારાજ નો મોર'.. ને હું બસ, હૃદય એક ધબકારો ચૂકી ગયું.

# નોખા કલાકારોની નોખી સંગીત આરાધના!



ડૉ. મોનિકા શાહ



આરાધના સંગીત એકેડમીને આંગણે પધારેલ પદ્મવિભૂષણ કુમરી ગાયનના મહારાણી ગિરિજાદેવી. તેમની સાંગિતિક યાત્રાએ વિદ્યાર્થીઓ અને મારામાં એક ચેતનાની ચિનગારી પ્રગટાવી.

બાળપણથી જ પુત્રની જેમ બનારસમાં ઉછરેલા અને અવ્વલ નંબરના ગાયિકા ગિરિજાદેવી ૩૧ વર્ષથી ITC સંગીત રીસર્ચ એકેડમીમાં ઘરાનેદાર ઉપશાસ્ત્રીય ગાયનોનું શિક્ષણ આપતા અને સંગીત જગતની ટોચે બિરાજતા ૮૪ વર્ષના ગિરિજાદેવીની વિદ્યાર્થીઓ સાથેની અઢી કલાકની તેમની મુલાકાત ખરેખર આનંદમય અને અવિસ્મરણીય રહી ગઈ. તે જાણવા અને માણવા જેવી છે.

સ્ત્રીશક્તિનું અનોખું, આબેહૂબ ઉદાહરણ એટલે ગિરિજાદેવી. જ્યારે તેમની નજીક આવ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે આટલા ઉચ્ચ સ્થાને બિરાજેલ પ્રતિભામાં સંગીત પ્રત્યેનો કેવો પ્રેમ છે! લગાવ છે! અને તેનાથી મળેલ તેમનામાં કેટલી શક્તિ છે!

તેમણે કહ્યું કે ***स्त्री ही एक ऐसी शक्ति है कि अच्छी माँ भी बन सकती है। अच्छी पत्नी बन सकती है और शिक्षक भी बनती है और बहु, बेटी, दादी, नानी जैसे ओर कई पात्र में अपना पूरा जीवन समर्पित कर देती है। स्त्री को कभी अपने आपको निर्बल और कम नहीं समझना चाहिए!***

અને પછી તેમણે કહ્યું '***बेटी कुछ सुनाओ***'। મારા ગુરુ ડૉ. પ્રદિપ્તા ગાંગુલીના આર્શીવાદ લઈ અને આજ્ઞા લઈ અને જે મારા ગુરુ મારા દાદા પંડિત રસિકલાલ અંધારિયાએ ખૂબ ગાયેલી રાગ જયંત મલ્હારમાં બંદિશ મેં સંભળાવી. અને ગિરિજાદેવીની આનંદની અને સંતોષની મુખમુદ્રા મારા માટે યાદગાર બની ગઈ. તો મિત્રો માણીએ અને જાણીએ રાગ જયંત મલ્હાર.

**રાગ-જયંત મલ્હાર**

જયંત મલ્હાર એ જયજયવંતી અને મીયાંમલ્હાર બેના સંયોગથી બનેલો કાફી ઘાટનો રાગ છે. બે ગંધાર અને બે નિષાદનો પ્રયોગ થાય છે. વાદી સ્વર રિષભ તથા સંવાદી સ્વર પંચમ છે. કોઈક મત પ્રમાણે વાદી ષડ્જ અને સંવાદી પંચમ માનવામાં આવે છે. પૂર્વાંગમાં પંચમ સુધી સા, ધનિરંગ રે સા, રેગમગ, રેગમપમગરે, રેગ્મ્ગરે, નિસાધાનિરેં આ રીત વારંવાર રિષભ ઉપર ન્યાસ મૂકીને સ્પષ્ટ સ્વરૂપી જયજયવંતી અંગ બતાવ્યા બાદ 'રેપ' અથવા 'મરેપ' આ અંગથી મલ્હાર બતાવાય છે. ઉત્તરાંગમાં મલ્હારનું અંગ બતાવવામાં આવે છે અવરોહમાં મલ્હારનું અંગ બતાવ્યા બાદ ધનિગરે સ્વર લેવામાં આવે એટલે જયંત મલ્હાર સ્પષ્ટ થાય.

જયજયવંતી અને મલ્હારમાંથી કયું અંગ વધારે બતાવવું એ કુશળ ગાયક ઉપર આધારિત છે. પ્રત્યેક ગાયક પોતાપોતાની કુશળતાથી જુદા ઢંગથી જુદી જુદી રીતે સ્વરસંગતિ લઈને રાગમાં નવીન રસ અને રંગ ભરે છે. તેમાં કોઈ સ્થૂળ નિયમનું પાલન ન કરવાને બદલે તેનું મુખ્ય સ્વરૂપ અને અંગ કાયમ જાળવીને જયંતમલ્હારમાં રંગ ભરવામાં આવે છે. વર્ષાઋતુ અને શાસ્ત્રીય દ્દષ્ટિએ જયંત મલ્હારનો ગાવાનો સમય મધ્યરાત્રિ અને પ્રકૃતિ ગંભીર છે. □

### સ્થાયી

તાલ–એકતાલ
કહું કાસન અબ સજની
બિરહ બિથા મોરે મનકી
સહી ન જાત સુદ નલીની

### અંતરા

પિયા તો ગયે પરદેસવા
ઉમંગ મેરા જોબનવા
છીન છીન છીન જાત હે સજની.

### રાગ જયંત મલ્હાર સ્વરૂપ

રે ની઼ ધ઼ ની સા, ધ ની઼ (ગ) રે, રે રે ગમપ,
ધગ ગમરેસા, ગરેરે, રેગમપ, ધગ મનીધપ
રેગમનીધપ, મપધગ, ગમરેસા, ધ઼ની઼ગરે

#### સ્થાયી

| X | | ૦ | | ૨ | | ૦ | | ૩ | | ૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મ | પ | ગ | મ | રે | સા | ની઼ | સા | ધ઼ | ની઼ |
| | | ક | હું | કા | - | સ | - | અ | બ | સ | જ |
| રે | ગ | ની઼ | ધ઼ | ની઼ | ની઼ | સા | - | ની઼ | સા | ધ઼ | ની઼ |
| ની | - | બિ | ર | હ | બિ | થા | - | મો | રે | મ | ન |
| પ | - | પ | ની઼ | ધ઼ | ની઼ | - | સા | ની | સા | ધ઼ | ની઼ |
| કી | - | સ | હીં | ન | જા | - | ત | સુ | દ | ન | લી |
| ગરે | - | | | | | | | | | | |
| ની | - | | | | | | | | | | |

#### અંતરા

| Ẋ | | ૦ | | ૨ | | ૦ | | ૩ | | ૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ | ની | ધ | ની | - | સાં | ની | સાં | ની | સાં | - |
| પિ | યા | તો | ગ | યે | - | પ | ર | દે | શ | વા | - |
| ની | સાં | રેં | ગં | મં | ગં | રેં | ગં | રેં | રેં | સાં | - |
| ઉ | મં | ગ | માં | - | રા | જો | - | બ | ન | વા | - |
| ની | ધ | ધ | પ | પ | ગ | રે | ગ | રે | સા | ધ઼ | ની઼ |
| છી | ન | છી | ન | છી | ન | જા | - | ત | હૈં | સ | જ |
| ગરે | - | | | | | | | | | | |
| ની | | | | | | | | | | | |

drmonikashah@yahoo.com


## કસ્તૂરબા (દ્વિઅંકી નાટક)




મહાત્મા ગાંધીનાં જીવનસંગિની કસ્તૂરબાને સાત દાયકા કરતાં વધારે લાંબા જીવનમાં જે કટોકટીઓ અને સંઘર્ષો વેઠવા પડ્યા અને એમાં કસ્તૂરબાનું વ્યક્તિત્વ જે રીતે નીખરી રહ્યું એનું નાટ્યસ્વરૂપે આલેખન થયું છે. આ નાટકના શો પણ ભજવાય છે. આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત પાડે છે.

**લેખક નારાયણ દેસાઈ, કિંમતઃ ₹ ૬૫/-**
**પ્રકાશકઃ ગૂર્જર પ્રકાશન**

## કચ્છી કથાઓ




કચ્છની ભૂમિના પ્રત્યેક કણ પાસે કહેવા જેવી કોઈ એકાદ કથા તો હશે જ! એવા કામણગારા કચ્છના ઈતિહાસના પાને નોંધાયેલી– નોંધવાની રહી ગયેલી– ૨૮ કથાઓ આ પુસ્તકમાં છે. એમાં ખુમારી– ખુદ્દારી પણ છે અને ખટરાગ પણ છે. કુરબાનીએ છે અને કપટકથા પણ છે. સરસ કથાઓનો આ અનોખો મીઠાઈથાળ છે.

**લે. સ્વામી સચ્ચિદાનંદ, કિંમતઃ ₹ ૯૦/-**
**પ્રકાશકઃ ગૂર્જર પ્રકાશન**








# 'શિવમત'ના ચિત્રો બદલ ભુજના કલાકારને લિમ્કા બૂકમાં સ્થાન





કચ્છના જાણીતા ચિત્રકાર બિપિન સોનીએ સ્વર અને નાદ પર સાત વર્ષના સંશોધનના નિચોડરૂપે સંગીતના અતિ પ્રાચીન મત 'શિવમત' આધારિત ૪૭ ચિત્રો 'તાલુકાની તાને પ્રકૃતિનું સ્વરદર્શન' બદલ લિમ્કા બૂક ઓફ રૅકોર્ડસમાં સ્થાન મળ્યું છે.

લોકવેદનાના મર્મી બાબુભાઈ રાણપુરાની પ્રેરણાથી બિપિનભાઈએ 'શિવમત' આધારિત ચિત્રોનું સર્જન કર્યું હતું. તેના પુસ્તક અને ચિત્રોના ઊંડાણને ઉજાગર કરે તેવી દસ્તાવેજી ફિલ્મ 'શિવમત' બદલ તેમને લિમ્કા બૂક ઓફ રૅકોર્ડસનો ૨૦૧૩નો નેશનલ ઍવૉર્ડ જાહેર થયો છે.


અમદાવાદના હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટસ સેન્ટર ખાતે ૨૦૧૨માં શિવમતના ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું અને બહુ પ્રશંસા મેળવી હતી, તાજેતરમાં 'શિવમત' પુસ્તકની બીજી આવૃતિ નવભારત સાહિત્ય મંદિરે પ્રગટ કરી છે હાલ તેઓ દીક્ષાધામ પીપલાણા માટે વચનામૃત પર આર્ટ ગેલેરી બનાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ ચિત્રકારને અગાઉ પણ ઘણા ઍવૉર્ડ મળી ચૂક્યા છે.

# રંગમંડળમાં 'સંતુ રંગીલી'નું શ્રવણ થયું





અમદાવાદમાં નાટકની સૌથી જૂની સંસ્થા 'રંગમંડળ'માં સરિતા જોષીના એવરગ્રીન નાટક 'સંતુ રંગીલી' નાટકની રેર ગણાતી ઑડિયો લોન્ગપ્લે એટલે એલપી સાંભળવામાં આવી હતી. આ એલપીમાં નાટકના સંવાદો રૅકોર્ડ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે નાટકમાં રસ ધરાવતા લોકો અહીં ઉપસ્થિત રહ્યા હતા. આ વિશે વાત કરતા નાટ્યકાર કબીર ઠાકોરે જણાવ્યું કે, અમે અગાઉ નિદા ફાઝલીની કવિતાઓનું વાંચન, નૌશિલ મહેતાના નાટક 'ડાબા પગનો ખેલ'નું વાંચન કર્યું હતું. હવે આ નાટકની ભજવણી પણ અમે કરવાના છીએ. આવનારા સમયમાં અમે ધર્મવીર ભારતીના 'અંધા યુગ'નું વાચન પણ કરવાના છીએ. આ કાર્યક્રમ દર સોમવારે સાંજે ૬ થી ૭.૩૦ દરમિયાન રંગમંડળ, પ્રિતમનગર અખાડા, અમદાવાદ ખાતે યોજવામાં આવે છે.

# મધુસુદન કાપડિયાના વિવેચન ગ્રંથ 'અમેરિકાવાસી ગુજરાતી સર્જકો' પર વિનોદ જોશી અને રઘુવીર ચૌધરીએ વકતવ્ય આપ્યું



વિનોદ જોષી



રઘુવીર ચૌધરી

તાજેતરમાં અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે મધુસુદન કાપડિયાના વિવેચન ગ્રંથ 'અમેરિકાવાસી ગુજરાતી સર્જકો' પર રઘુવીર ચૌધરી અને વિનોદ જોશીએ વાત કરી હતી. આ કાર્યક્રમમાં પુસ્તકનાં લેખક મધુસુદન કાપડિયા પણ હાજર રહ્યા હતા.

પુસ્તક અને મધુસુદન કાપડિયાના વિવેચન અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં વિનોદ જોશીએ જણાવ્યું હતું કે, 'તેઓ શાસ્ત્રોક્ત પરિભાષાથી બહાર જઈને લખે છે. વિવેચન કરતી વખતે કાપડિયા કૃતિને નજર સમક્ષ રાખે છે, કર્તા કે તેની સાથેના પોતાના સંબંધને નહીં. આ તેમના વિવેચનની મહત્ત્વની બાબત છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મધુસુદન કાપડિયાએ દરેક લેખમાં દરેક સર્જક વિશે એક વિધાન તારવીને મૂક્યું છે, જે તારણો ઊંડાણ ધરાવે છે. આ પુસ્તક અંગે વાત કરતાં રઘુવીર ચૌધરીએ જણાવ્યું હતું કે, વિવેચન લેખનમાં કાપડિયાએ તેમનો આદર કરનારા સર્જકની કૃતિના વિવેચનમાં પણ કડક વલણ જાળવી રાખ્યું છે.'

મધુસુધન કાપડિયાની નાદુરસ્ત તબિયત અંગે ચિંતા કરતા અને આ પ્રકારના વિવેચનનું મહત્ત્વ સમજાવતાં તેમણે કહ્યું હતું કે, સાજા રહેવા માટે કાપડિયાએ વિવેચન કાર્ય કરતાં રહેવું જરૂરી છે. પરંતુ વાંચીને નોંધો કરવાથી આ પ્રકારનો ગ્રંથ ન બને, વાંચનને ગ્રહણ કરવાથી જ આ પ્રકારનો ગ્રંથ તૈયાર થઈ શકે. કાર્યક્રમના અંતે મધુસુદન કાપડિયાએ પોતાના આ પુસ્તક વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, 'તેના નામકરણમાં ભોળાભાઈ પટેલનો મહત્ત્વનો ફાળો હતો, તેમજ આ પુસ્તકના પ્રકાશન બાદ તેના પર સૌ પ્રથમ અવલોકન પણ તેમણે જ પ્રગટ કરેલું. ત્યારબાદ તેમણે આ પુસ્તકના હેતુ અંગે કહ્યું કે, આ પુસ્તક તૈયાર કરવા પાછળનો હેતુ કનસ્ટ્રક્ટિવ ક્રિટિસીઝમ કરવાનો છે.


# જામનગરમાં 'મરીઝથી મિસ્કીન' સુધીના ભાવયાત્રા


ભારતીય વિદ્યાભવનના ૭૫ વર્ષ અને તેના સ્થાપક ગુજરાતી અસ્મિતાના ઉદ્‌ગાતા કનૈયાલાલ મુનશીના જન્મના ૧૨૫ વર્ષની ઉજવણીના અનુસંધાનમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિદિવસીય કાર્યક્રમ દરમિયાન નેહા શુક્લના માર્ગદર્શન હેઠળ 'જય જય ગરવી ગુજરાત', 'સમયમી રેત પર ભારતીય નારીના પદચિન્હો' વિષય પર મુખ્ય મહેમાન રંજના હરીશે વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમના છેલ્લા દિવસે ગઝલની રજૂઆતના બાદશાહ રાજેશ વ્યાસ 'મિસ્કીન' 'મરીઝથી મિસ્કીન' સુધીની અદ્‌ભુત ભાવયાત્રા કરાવી.

આ પ્રસંગે મુંબઈથી ખાસ વિક્રમભાઈ દોશી, નિમિશ દોશી ઉપસ્થિત રહ્યાં હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન ભવન્સ પરિવારના ભારતીબહેન વાઢેરા, નેહા શુક્લ, નિશા બથીયા, હિરલ બુચ. ડૉ. હંસાબેન શેઠ અને કેમ્પસ ડાયરેક્ટ પ્રફુલ્લ છાપીયાના સહયોગથી સફળ થયું હતું.



# ગૌરવ પુરસ્કાર એનાયત કરાયા


તારક મહેતા


ભગવતીકુમાર શર્મા

ગુજરાતી સાહિત્યના બે મૂર્ધન્ય સાહિત્યકારો જાણીતા હાસ્ય લેખક તારક મહેતા અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માને અમદાવાદ એચ.કે.આર્ટ્સ કોલેજના હૉલમાં ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. તેમને આ પુરસ્કાર ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અર્પણ કરાયા હતા. આ પુરસ્કારોમાં વર્ષ ૨૦૧૧ માટે તારક મહેતાને અને ૨૦૧૨ માટે ભગવતીકુમાર શર્માને ગૌરવ પુરસ્કાર એનાયત થયા હતા. આ પુરસ્કાર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમત વિભાગના મંત્રી રમણલાલ વોરાના હસ્તે અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે હાસ્ય લેખક વિનોદ ભટ્ટે તેમની રમૂજી શૈલીનાં જણાવ્યું હતું કે, ગુજરાતી સાહિત્યમાં તારક મહેતા અને ભગવતીકુમાર બન્ને એન્ટિક પિસ છે, એટલે કે દુર્લભ જણસ છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતી સાહિત્યમાં તારક મહેતા એક માત્ર એવા લેખક છે કે જેમનું નામ પહેલા આવે છે અને પછી તેમનું કાર્ય આવે છે. આ એક ખૂબ જ પ્રશંસનીય બાબત છે. તેમણે વધુમાં જણાવ્યું કે, તારક મહેતાને એવોર્ડ અર્પણ થયો તેમાં માત્ર તેમનું નહીં પણ આખા હાસ્યનું સન્માન થયું છે. તેમણે તારક મહેતાએ લખેલી આત્મકથા એક્શન રિપ્લેને ટાંકતા જણાવ્યું કે તેઓ ખૂબ જ નિખાલસ માણસ છે, જેવા છે તેવા જ દેખાય છે. તારક મહેતાના જીવનના રમૂજી પ્રસંગને ટાંકતા તેમણે જણાવ્યું કે તેઓ તેમની જુવાનીમાં રાજકપૂર જેવા દેખાતા અને જ્યારે રાયપુર ચકલા પાસેથી પસાર થતા ત્યારે લોકો તેમને રાજકપુર કરીને બૂમો પણ પાડતા.

આ અવસરે ભગવતીકુમાર શર્માના જીવન અને સાહિત્ય વિશે રઘુવીર ચૌધરીએ વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, ગદ્ય અને પદ્યમાં નોંધપાત્ર એવોર્ડ મેળવનારા બે જ વ્યક્તિઓ ગુજરાતી સાહિત્યમાં છે. એક ઉશનસ્ અને બીજા ભગવતીકુમાર શર્મા. તેમણે જણાવ્યું હતું કે ભગવતીકુમાર શર્મા એટલા પ્રેમાળ છે કે આખા સુરતમાં લોકો તેમને ખૂબ જ ચાહે છે. તેમણે તેમની નવલકથાઓ અસૂર્યલોક અને સમયદ્વીપની પણ કેટલીક વાતો ટાંકી હતી.

આ પ્રસંગે સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને રમતગમત વિભાગના સચિવ ભાગ્યેશ જહાએ સ્વાગત કર્યું હતું. પુરસ્કૃત સાહિત્યકારો તારક મહેતા અને ભગવતીકુમાર શર્માએ પણ તેમની લાગણી વ્યક્ત કરી હતી. ભગવતીકુમાર શર્માએ કહ્યું હતું કે, હું જે કંઈ પણ બન્યો છું તે શબ્દોને કારણે જ બન્યો છું. અંતે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદીએ આભાર વ્યક્ત કર્યો હતો. આ અવસરે મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



# અતુલ બ્રહ્મભટ્ટ દ્વારા યોજાયો ગઝલોનો કાર્યક્રમ

તાજેતરમાં અમદાવાદના જયશંકર સુંદરી હૉલ ખાતે જાણીતા ગાયક અતુલ બ્રહ્મભટ્ટ દ્વારા ગઝલોનો કાર્યક્રમ યોજાઈ ગયો હતો. જેમાં તેમણે જગજીત સિંઘ અને પંકજ ઉધાસ અને અન્ય ગાયકોની જાણીતી ગઝલો ગાઈ શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતા. અતુલ બ્રહ્મભટ્ટે રજૂ કરેલી ગઝલોને ભાવકોએ મનભરીને માણી હતી અને દાદ પણ આપી હતી.

# જન્મદિવસ




**૦૧ જુલાઈ : હરિપ્રસાદ ચોરસિયા** (વિખ્યાત વાંસળીવાદક)

**૦૨ જુલાઈ : સુદેશ ભોંસલે** (ગાયક, મુંબઈ)

**૦૨ જુલાઈ : મોહમ્મદ અઝીઝ** (ગાયક, મુંબઈ)

**૦૩ જુલાઈ : અમિતકુમાર ગાંગુલી** (ગાયક-સંગીતકાર, મુંબઈ)

**૦૩ જુલાઈ : બંકિમ પાઠક** (ગાયક, અમદાવાદ)

**૦૩ જુલાઈ : દિપાલી શુકલ** (ગાયિકા, અમદાવાદ)

**૦૬ જુલાઈ : બાલી બ્રહ્મભટ્ટ** (ગાયક, સંગીતકાર, મુંબઈ)

**૦૬ જુલાઈ : રવિન્દ્ર અંધારિયા** (સાહિત્યકાર, ભાવનગર)

**૦૭ જુલાઈ : સંજય વૈદ્ય** (તસવીરકાર, અમદાવાદ)

**૦૮ જુલાઈ : આભા દેસાઈ** (ગાયિકા, અમદાવાદ)

**૦૮ જુલાઈ : આલાપ પરીખ** (વાદક કલાકાર – વાંસળી ,અમદાવાદ)

**૧૦ જુલાઈ : શરદ ઠાકર** (સાહિત્યકાર, અમદાવાદ)

**૧૧ જુલાઈ : સંજુ વાળા** (કવિ, અમદાવાદ)

**૧૧ જુલાઈ : નિતીન મહેતા** (કવિ, મુંબઈ)

**૧૧ જુલાઈ : દેવ્યાની ઠક્કર** (ગુજરાતી ફિલ્મ અને થિયેટર આર્ટિસ્ટ )

**૧૩ જુલાઈ : અશરફ ડબાવાલા** (કવિ, યુ.એસ.એ)

**૧૪ જુલાઈ : ચંદ્રકાંત લક્ષપતિ** (વાદક કલાકાર–મેન્ડોલિન,મુંબઈ)

**૧૪ જુલાઈ : હિમાલી વ્યાસ** (ગાયિકા, અમદાવાદ)

**૧૪ જુલાઈ : ઉપેન્દ્ર ત્રિવેદી** (ગુજરાતી ફિલ્મના નટસમ્રાટ, અમદાવાદ)

**૧૫ જુલાઈ : ચંદ્રકાંત અંધારિયા** (કવિ, ભાવનગર)

**૧૫ જુલાઈ : ભરત મકવાણા** (વાદક કલાકાર–ઢોલક, અમદાવાદ)

**૧૫ જુલાઈ : વનલતા મહેતા** (સિનિયર થિયેટર આર્ટિસ્ટ અને લેખિકા, મુંબઈ)

**૧૬ જુલાઈ : મધુ રાય** (સાહિત્યકાર, યુ.એસ.એ)

**૧૬ જુલાઈ : પરાગી પરમાર** (ગાયિકા, અમદાવાદ)

**૧૭ જુલાઈ : પાયલ શાહ** (ગાયિકા, અમદાવાદ)

**૧૮ જુલાઈ : શુભા જોશી** (ગાયિકા, મુંબઈ)

**૧૮ જુલાઈ : સુખવિન્દર સીંગ** (ગાયક, મુંબઈ)

**૧૮ જુલાઈ : હરદ્વાર ગોસ્વામી** (કવિ, અમદાવાદ)

**૧૮ જુલાઈ : કુંજવિહારી નાયક** (વાદક કલાકાર–કી–બોર્ડ, અમદાવાદ)

**૧૮ જુલાઈ : બીરેન પુરોહિત** (વાદક કલાકાર–કી–બોર્ડ, અમદાવાદ)

**૧૯ જુલાઈ : બિજોય શિવરામ** (નૃત્યકાર,અમદાવાદ)

**૨૦ જુલાઈ : વિવેક રાવલ** (વાદક કલાકાર – કી–બોર્ડ,અમદાવાદ)

**૨૧ જુલાઈ : શ્રીલેખા મહેતા** (લેખિકા, મુંબઈ)

**૨૧ જુલાઈ : રંજના હરીશ** (વ્યાખ્યાતા, અમદાવાદ)

**૨૨ જુલાઈ : સાંતન ફર્નાન્ડીઝ** (વાદક કલાકાર–વાંસળી, અમદાવાદ)

**૨૨ જુલાઈ : રાજશ્રી પરમાર** (લોકગાયિકા, ભાવનગર)

**૨૩ જુલાઈ : હિમેશ રેશમિયા** (ગાયિક, સંગીતકાર, મુંબઈ)

**૨૩ જુલાઈ : અનુપા પોટા** (ગાયિકા, વડોદરા)

**૨૪ જુલાઈ : મોહીની શાહ** (ગાયિકા, અમદાવાદ)

**૨૫ જુલાઈ : મનિષી રાવલ** (વાદક કલાકાર તબલા , અમદાવાદ)

**૨૬ જુલાઈ : નરેશ શાહ** ( આયોજક, રંગત સંસ્થા,અમદાવાદ)

**૨૬ જુલાઈ : ચેતન ગાંધી** (કાર્યક્રમ આયોજક, અમદાવાદ)

**૨૭ જુલાઈ : હિતેન આનંદપરા** (કવિ, મુંબઈ)

**૨૮ જુલાઈ : દિનકર મહેતા** (મિમીક્રી આર્ટિસ્ટ, મુંબઈ)

**૨૮ જુલાઈ : અનિલ જોશી** (કવિ, મુંબઈ)

**૨૮ જુલાઈ : નયનેશ જાની** (ગાયક, સંગીતકાર, અમદાવાદ)

**૨૯ જુલાઈ : અનુપ જલોટા** (ગાયક, મુંબઈ)

**૩૦ જુલાઈ : સોનુ નિગમ** (ગાયક, મુંબઈ)

**૩૦ જુલાઈ : સુરેન ઠાકર 'મેહુલ'** (સંચાલક, મુંબઈ)

**૩૧ જુલાઈ : કોશા તામ્હણકર** (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૩૧ જુલાઈ : હર્ષ બ્રહ્મભટ્ટ** (કવિ અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારી, અમદાવાદ)


# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...





- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ**




સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું..............................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹..........................મોકલી આપુ છું,

નામ :-..............................................................................................................................................

સરનામું :-..............................................................................................................................................

..............................................................................................................................................

ટેલિફોન નંબર :-...........................................મોબાઈલ નંબર :-....................................ઈ-મેઈલ :-...........................................................

ચેક/ડી.ડી નંબર :-...........................................બેંક :-.....................................................................તારીખ :-...................................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઑર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઑર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.


સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.

# SHYAMAL-SAUMIL

the musical odyssey

‘સંગીત સૌની સાથે સદાને માટે’-ધ્યેયમંત્ર દ્વારા ગુજરાતી ગીત-સંગીતને પારિવારિક બનાવવાના અમારા પ્રયત્નોમાં આપ નીચેનાં ગીત-કવિતા કૉલરટ્યૂન તરીકે ડાઉનલોડ કરી સહકાર આપી શકો છો... આપનાં હૃદયની વાત આપનાં સ્નેહીજનને સંગીત દ્વારા અભિવ્યક્ત કરી શકો છો...

| Track Name | airtel | vodafone | Idea | Tata Docomo | BSNL | uninor |
|---|---|---|---|---|---|---|
| નિસ્બત છે અમારે ધરતીથી | 5432112523761 | 5373327807 | 3327807 | 3327807 | 1829448 | 3327807 |
| જે આંસું ખોઉં છું | 5432112523758 | 5373327804 | 3327804 | 3327804 | 1829521 | 3327804 |
| ચેતના, સંવેદનાને લાગણી તરફ | 5432112523756 | 5373327802 | 3327802 | 3327802 | 1829445 | 3327802 |
| લો કરું કોશિશ ને ફાવે તો કહું | 5432112523760 | 5373327806 | 3327806 | 3327806 | 1829447 | 3327806 |
| હાથમાં કારોબાર રાખ્યો તેં | 5432112523757 | 5373327803 | 3327803 | 3327803 | 1829446 | 3327803 |
| આ માણસ બરાબર નથી | 5432112523754 | 5373327800 | 3327800 | 3327800 | 1829443 | 3327800 |
| એવા આ હસ્તાક્ષર | 5432112307842 | 5372742069 | 2742069 | 925794 | 1528464 | 0529492 |
| એક છોકરી ના હોય ત્યારે | 5432112307843 | 5372742065 | 2742065 | 925795 | 1528466 | 0529493 |
| એક છોકરીના હાથથી રૂમાલ | 5432112307844 | 5372742071 | 2742071 | 925796 | 1528465 | 0529494 |
| મારી આંખમાં તું વહેલી | 5432112307846 | 5372742066 | 2742066 | 925798 | 1528468 | 0529496 |
| સાંવરિયો રે મારો | 5432112307847 | 5372742073 | 2742073 | 925799 | 1528469 | 0529497 |
| ચળકે છે તારો ચાંદલો | 5432112307850 | 5372742080 | 2742080 | 925802 | 1528472 | 0529500 |
| વાદળી વરસીને ચાલી ગઈ | 5432112307856 | 5372742075 | 2742075 | 925808 | 1528478 | 0529506 |
| સૈયર તારા કિયા છુંદણે | 5432112307864 | 5372742089 | 2742089 | 925816 | 1528486 | 0529514 |
| એમ પૂછીને થાય નહીં પ્રેમ | 5432112307865 | 5372742097 | 2742097 | 925817 | 1528504 | 0529515 |
| ચોમાસું ક્યાંક આસપાસ છે | 5432112307866 | 5372742096 | 2742096 | 925818 | 1528505 | 0529516 |
| હું અને તું નામના | 5432112307867 | 5372742094 | 2742094 | 925819 | 1528506 | 0529517 |
| ના તને ખબર પડી | 5432112307870 | 5372742091 | 2742091 | 925822 | 1528509 | 0529520 |
| તારી હથેળીને દરિયો | 5432112307872 | 5372742095 | 2742095 | 925824 | 1528511 | 0529522 |
| કમાલ કરે છે | 5432112307877 | 5372742100 | 2742100 | 925829 | 1528526 | 0529527 |
| ભોમિયા વિના મારે ભમવા’તા | 5432112307893 | 5372742112 | 2742112 | 926177 | 1528563 | 0529534 |
| સાબરમતી નિરંતર જેને હૈયે | 5432112308999 | 5372752810 | 2752810 | 929372 | 1536782 | 0538861 |
| અમારું શહેર છે અમદાવાદ | 5432112308991 | 5372752821 | 2752821 | 929373 | 1536774 | 0538853 |
| પ્રેમને રંગ શું ને રૂપ શું | 5432112307854 | 5372742074 | 2742074 | 925806 | 1528476 | 529504 |
| જશોદાનો છૈયો | 5432112376827 | 5372854754 | 2854754 | 958150 | 1636854 | 0570159 |
| | Direct Dial Codes | Direct Dial codes | SMS DT <Code> to 55456 | SMS SET code to 543211 | SMS BT <Code> to 56700 | SMS ACT<CODE> to 52211 |


"Registered under RNI No. GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th date of Every Month under Postal Regd. No. GAMC 1833/2012 - 2014 Valid Up to 31/12/2014. Published on dated 10th . Posted on every month.
SHYAMAL-SAUMIL
the musical odyssey
શ્યામલ-સૌમિલ મુનશી પ્રસ્તુત
હ્રદયસ્પર્શી અને ચોટદાર ગઝલોની સોગાત
રજૂઆત
ગુજરાતી ગઝલ આલબમ
TOUCHING TUNES
music for all forever
Audio CD Available at all **Music Stores**.
સંપર્ક કરો:
**Marketed by**: Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: **26561834/35** visit us at: www.shyamalsaumil.com
સંગીત અને ગાયક
શ્યામલ-સૌમિલ